યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

दिव्य જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૬ અંક - ૧૨ ડિસેમ્બર-૨૦૧૯
Postal Registration No. GAMC 1417/2018-2020 Valid up to 31-12-2020 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-



અંતર્મુખ બનો

શાંત-ગંભીર બનો. તમારી અંદર સ્થિર શાંતિનું રાજ્ય બનો. કદાપિ ચિંતા ન કરો. ચિંતા તો તદ્દન નકામી છે. તેનાથી કાંઈ જ વળતું નથી. ચોક્કસ અને સ્પષ્ટ બનો. અંતર્મુખ બની દિવ્ય જ્યોતિને નિહાળો. સઘળાં સ્થળોએ ઉજ્જવળ બાજુ જ જુઓ. તમને તરત જ જણાશે કે સઘળી પરિસ્થિતિમાં સત્યનો જ દિવ્ય આશીર્વાદ વરસી રહ્યો છે.

- સ્વામી શિવાનંદ

પતિતપાવની ભાગીરથીના તટે શ્રીમદ્ ભાગવત કથા
તા. ૩૧-૧૦-૨૦૧૯ થી તા. ૬-૧૧-૨૦૧૯

શ્રીમદ્ ભાગવતકથા, હૃષીકેશ

૩૧-૧૦-૨૦૧૯ થી ૬-૧૧-૨૦૧૯

૧. મહામંડલેશ્વર પૂ. સ્વામી અસંગાનંદજી સાથે દિવ્ય મુલાકાત
૨. પૂજ્ય સ્વામી ચિદાનંદ સરસ્વતીજી દ્વારા વ્યાસપીઠ સન્માન
૩. શૅરોન એલિટ (અમેરિકા)ની સંન્યસ્ત દીક્ષા બાદ યોગપટ સ્વામીની શ્રદ્ધાનંદ સરસ્વતી
૪. પરમાર્થનિકેતનમાં દિવ્ય ગંગા આરતી અને હવન

કથામાં મુમુક્ષોની ઉપસ્થિતિ

શિવાનંદ યોગ સ્ટુડિયો - તાઈપી, તાઈવાનના મુમુક્ષો ભાગવત કથામાં પૂર્ણ સહભાગી બન્યા

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
દિવ્ય જીવન

વર્ષ : ૧૬ | અંક : ૧૨ | ડિસેમ્બર-૨૦૧૯

સંસ્થાપક અને આદ્યતંત્રી :
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
સંપાદક મંડળ :
અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)
શ્રીમતી રૂપા મજમુદાર

○

તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

લેખ મોકલવાનું સરનામું :
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ – ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

મુખ્ય કાર્યાલય :
'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :
સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ
ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :
શ્રી યશેશભાઈ દેસાઈ
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

લવાજમ

ભારતમાં

વાર્ષિક લવાજમ	:	રૂ. ૧૫૦/-
શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે)	:	રૂ. ૧૫૦૦/-
પેટ્રન લવાજમ	:	રૂ. ૩૦૦૦/-
છૂટક નકલ	:	રૂ. ૧૫/-
વિદેશ માટે (એર મેઈલ)		
વાર્ષિક (એર મેઈલ)	:	રૂ. ૧૮૦૦/-
શુભેચ્છક લવાજમ	:	રૂ. ૧૫૦૦૦/-

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

ૐ

दूरमेते विपरीते विषूची,
अविद्या या च विद्येति ज्ञाता ।
विद्याभीप्सिनं नचिकेतसं मन्ये,
न त्वा कामा बहवोऽलोलुपन्त ॥

कठोपनिषद : १-२-४

આ અવિદ્યા અને વિદ્યા નામથી પ્રસિદ્ધ બે સાધન પૃથક્-પૃથક્ ફળ આપવાવાળા છે અને પરસ્પર અત્યંત વિરુદ્ધ છે. જેમની ભોગમાં આસક્તિ છે, તેઓ કલ્યાણ-સાધનમાં આગળ વધી શકતા નથી અને જેઓ કલ્યાણમાર્ગના પથિક છે, તેઓ ભોગ તરફ દૃષ્ટિ નાખતા નથી. તેઓ બધા જ પ્રકારના ભોગને દુઃખરૂપ માની તેનો પરિત્યાગ કરે છે. હે નચિકેતા ! હું માનું છું કે તું વિદ્યાનો અભિલાષી છે, કારણ કે મોટા-મોટા ભોગ પણ તારા મનમાં લેશમાત્ર લોભ ઉત્પન્ન કરી શક્યા નથી.

શિવાનંદ વાણી

મહાન રહસ્ય

જિંદગીની સર્વ ઊથલપાથલ અને તડકાછાંયડાની પાછળ પ્રભુનો કૃપાળુ અને માર્ગદર્શક હાથ રહેલો છે તેમ વિચારો. તમે જો સાવધાની પૂર્વક વિચાર કરશો તો તમને જણાશે કે તમારી સર્વ મુશ્કેલીઓ અને દુઃખોની પાછળ સારાનાં જ બીજ છુપાયેલાં છે. જે કાંઈ બને છે તે ખરેખર આપણા સારા માટે જ બને છે. આ એક મહાન રહસ્યની વાત છે. ઈશ્વરના ભક્તો પ્રતિક્ષણ, પ્રતિદિન આ સત્યનો અનુભવ કરી રહ્યા જ છે. આ મંતવ્યમાં તમે દૃઢ બનો તો પછી દુઃખ પ્રત્યેની તમારી ભાવના આશ્ચર્યકારક રીતે બદલાઈ જશે.

- સ્વામી શિવાનંદ

આ અંકના સૌજન્યદાતા શ્રી વિજય એમ. જાજલ
પરમાત્મા એમનું બહુવિધ મંગલ કરો.

અનુક્રમ

૧. કઠોપનિષદ્		૩
૨. અનુક્રમ, તહેવાર સૂચિ	....	૪
૩. સંપાદકીય	તંત્રી...........................	૫
૪. શિવાનંદ યોગ સાધના	ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી......	૬
૫. જ્ઞાન, ધ્યાન અને તમારા જીવનનું આધ્યાત્મીકરણ	શ્રી સ્વામી ચિદાનંદજી	૯
૬. સ્વધર્મનો અર્થ - ૩	શ્રી સ્વામી કૃષ્ણાનંદજી	૧૧
૭. વિશ્વ ગુણવત્તાસભર ઉત્પાદકતા દિવસ	શ્રી સ્વામી અધ્યાત્માનંદજી.	૧૩
૮. હું કોણ છું?	શ્રી સ્વામી સચ્ચિદાનંદજી ..	૧૫
૯. આત્મનિર્ભરતા	શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી ...	૧૮
૧૦. પશ્ચિમ ગોળાર્ધમાં	ડૉ. શ્રી શરદચંદ્ર બેહરા....	૧૯
૧૧. પ્રેમની સુવાસ	.....	૨૧
૧૨. ગીતા ગ્રંથ વૈશ્વિક સંપદા	શ્રી સ્વામી અધ્યાત્માનંદજી....	૨૩
૧૩. ગીતા સંદેશ	શ્રીમતી રૂપા મજમુદાર	૨૫
૧૪. વિશ્વમંચ ઉપર અભિનય-૩	શ્રી સ્વામી ચિદાનંદજી	૨૭
૧૫. વૃત્તાંત	....	૨૯

તહેવાર સૂચિ

જાન્યુઆરી - ૨૦૨૦

તા.	તિથિ	(માર્ગશીર્ષ સુદ)
૧	૬	નૂતન વર્ષ પ્રારંભ
૨	૭	ગુરુ ગોવિંદસિંહજીજયંતી
૩	૮	શાકંભરી નવરાત્રી પ્રારંભ
૬	૧૧	પુત્રદા એકાદશી
૮	૧૩	પ્રદોષ પૂજા
૧૦	૧૫	પૂર્ણિમા, શાકંભરી નવરાત્રી સમાપ્ત, મા અંબાજી પ્રાગટ્યોત્સવ, માઘ સ્નાનારંભ
		(પોષ વદ)
૧૨	૨	શ્રી સ્વામી વિવેકાનંદજયંતી
૧૪	૪	મકરસંક્રાંતિ
૧૭	૭	રામાનંદાચાર્યજયંતી
૨૦	૧૧	ષટ્તિલા એકાદશી
૨૨	૧૩	પ્રદોષ પૂજા
૨૪	૩૦	મૌની અમાવાસ્યા
		(મહા સુદ)
૨૬	૨	૭૧મો પ્રજાસત્તાકદિન, હનુમાન મંદિર પાટોત્સવ
૨૮	૩	શ્રી ગણેશજયંતી
૩૦	૫	વસંત પંચમી, ગાંધીજી નિર્વાણદિન

"અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાની ચોકસાઈ માટે વિનંતી.
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલહાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઑર્ડરથી જ મોકલવું.

દિવ્ય સ્ફુલિંગ

અનાસક્તિયોગ

આ નિત્ય-બદલાતા, નશ્વર, વિનાશી પૃથ્વી તટ પરની તમારી નામરૂપવાળી હાજરી એ આરંભ અને અંતવાળી છે. ગીતા કહે છે તમે આ પૃથ્વી પટ પર હાલ પૂરતા નિવાસી છો, આ જીવન એક પ્રવાસ છે અને તમારે અહીં કોઈની પણ સાથે અંતિમ જોડાણ નથી. તમે આ જગતના વતની નથી. આ જગત એ તમારું સાચું ધામ નથી. આ સંસારમાં અનાસક્ત રહીને પસાર થઈ જાવ.

- સ્વામી ચિદાનંદ

સંપાદકીય

વિક્રમ સંવત ૨૦૭૫ની વિદાય થઇ, ૨૦૭૬નું આગમન થઇ ગયું. ઈ.સ. ૨૦૧૯ વિદાય લઇ રહ્યું છે; ૨૦૨૦નો પગરવ સંભળાય છે.

આ વર્ષમાં ઘણું સારું થયું છે, અકલ્પનીય થયું છે. ઐતિહાસિક વિકલ્પોનાં સમાધાન થયાં. કાશ્મીર અને શ્રી રામ જન્મભૂમિના સળગતા પ્રશ્નો હવે ક્રમશઃ શાંતિ સુલેહ અને સ્વસ્થ વિચારસરણીના માર્ગે છે.

આ વર્ષે પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીના ૧૫૦મા જન્મજયંતી પર્વે માર્ટિન લ્યૂથર કિંગનાં સ્મૃતિ ભવન અને એટલાન્ટા-જ્યોર્જિયાનાં કાઉન્સલેટ જનરલ ડૉ. સ્વાતિ કુલકર્ણીજીના ત્યાં ગાંધીવંદનાનો પવિત્ર લહાવો મળ્યો. ગાંધી ફાઉન્ડેશન ખાતે ગાંધીવંદના થઇ.

Martin Luther King (JN)નું કથન છેકે Darkness cannot drive out darkness, only light can do that. અંધકારને અંધકારથી દૂર ન કરી શકાય. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ કહે છે; 'હજારો વર્ષ જૂના અંધકાર ભર્યા કક્ષમાં એક ક્ષણમાં જ એક દિપક પ્રકાશ ઉપજાવી શકે છે.'

વર્ષો આવે અને જાય છે. આપણી અંદરથી રાગ-દ્વેષ, તિરસ્કાર ગયાં ? તિરસ્કારથી તિરસ્કારને દૂર ન કરી શકાય. ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા, ''આજથી જે ન બોલતા હોય તેને બોલાવજો. જગત લેણદાર છે, આપણે દેણદાર છીએ.''

માર્ટિન લ્યૂથર કિંગને અમેરિકાના ગાંધી તરીકે ઓળખવામાં આવે છે. રંગભેદ ન કરો. સૌને સમાન હક મળી રહે. બાળકો અને મહિલાઓનું સન્માન થાય, શોષણ નહીં, તેની સાથે તેમણે શીખવ્યું સૌને પ્રેમ કરો. કોઈ પ્રેમ કરે કે ધિક્કારે આપણે પ્રેમ જ કરવો. સૌના કલ્યાણની કામના કરવી. કોઈની પણ સેવા કરવાની તક ગુમાવવી નહીં. Sir R. D. Hichcockની વાતને જ સ્વામી વિવેકાનંદજી મહારાજે પુનર્જન્મ આપ્યો હતો. The hand that help are holier than the lips that pray. ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજે કહ્યું છે કે, "No Prayers are unanswered, sooner or later all prayers are answered.

શ્રદ્ધા, શ્રદ્ધા, શ્રદ્ધા રાખો. તમારી જાતમાં તમારા શિક્ષકમાં અને તેના શિક્ષણમાં શ્રદ્ધા રાખો. જ્યાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે, વિશ્વ પ્રેમ છે. ત્યાં કલ્યાણની કામના છે. નિઃસ્વાર્થ, નિષ્કપટ થઇને સેવા કરો. આડંબરરહિત થઇને સેવા કરો.

દરિયો અફાટ છે. સુદૂર સુધી વિસ્તરેલો છે, પરંતુ દરિયાનાં પાણી ખારાં ફટ. ઝરણું ખળખળ વહે, અવાજ ઓછો કરે, પરંતુ પાણી મીઠાં અને મધુરાં. અર્થ એટલો કે ભલે ઓછું બોલીએ, પરંતુ સહૃદયતા હોવી જરૂરી છે. સ્નેહથી બોલવું. આપણાં સંભાષણથી કોઈને હૂંફ મળે, આધાર મળે. હું આ વિસ્તૃત વિશ્વમાં એકલો નથી. સમગ્ર જગત મારું છે. હું સૌનો છું, સૌ મારાં છે. આવું થાય તો પળોજણોની-સ્વાર્થની જંજાળમાંથી બહાર આવી શકાય. ખુલ્લા નીલા આકાશ તળે; પ્રેમના દરિયામાં હિલોળાં લેતાં જીવનને જીવી શકાય. નિઃસ્વાર્થ નિષ્કપટ જીવનને માણી શકાય એવાં ઉદાત્ત, આદરભર્યાં, અમૃતસભર આગામી વર્ષ અને દિવ્ય જીવનની શુભાકાંક્ષાઓ. ૐ શાંતિ.

- સંપાદક

શિવાનંદ યોગ સાધના

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

૧. યોગસાધનાથી ઈશ્વરસાક્ષાત્કાર થાય છે.
૨. ગુરુની પાસે રહીને યોગ શીખો.
૩. સત્ય, અહિંસા તથા બ્રહ્મચર્યનું પાલન કરો.
૪. કરુણા, નમ્રતા તથા ધીરજ કેળવો.
૫. સરળ, સુખદ તથા સ્થિર આસન ઉપર બેસો.
૬. શ્વાસનું નિયંત્રણ કરી પ્રાણને વશ કરો.
૭. મનોવૃત્તિઓનો નિગ્રહ કરો.
૮. કર્મફળ ઈશ્વરને અર્પણ કરો.
૯. ધારણા, ધ્યાન તથા સમાધિનો અભ્યાસ કરો.
૧૦. હલકો આહાર, દૂધ તથા ફળાહાર કરો.
૧૧. સિદ્ધિઓ યોગસાધનામાં નડતરરૂપ છે માટે તેનો પરિત્યાગ કરો.
૧૨. પહેલાં સવિકલ્પ સમાધિનો અભ્યાસ કરો.
૧૩. પછી અસંપ્રજ્ઞાત (નિર્વિકલ્પ) સમાધિમાં પ્રવેશ કરો.

શિવાનંદ વેદાંત સાધના-સૂત્ર

૧. હવે બ્રહ્મની જિજ્ઞાસા થાય છે.
૨. બ્રહ્મ જગતનું નિમિત્ત તથા ઉપાદાન કારણ છે.
૩. બ્રહ્મ અમર્યાદ (અનહદ), નિત્ય તથા અવ્યય છે.
૪. જે સત્ય વસ્તુ છુપાવી દે છે તે માયા છે.
૫. જે જીવ માટે આવરણનું કામ કરે છે તે માયા છે.
૬. નિત્ય સુખની પ્રાપ્તિ તથા બધાં દુઃખોનો નાશ તે જ મોક્ષ છે.
૭. જ્ઞાનથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે.
૮. સાધનચતુષ્ટ્ય જ્ઞાનની પ્રાપ્તિ માટે સહાયક છે.
૯. શ્રવણ, મનન તથા નિદિધ્યાસનથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.
૧૦. બ્રહ્માકાર વૃત્તિ અવિદ્યાને દૂર કરે છે.
૧૧. ''હું બ્રહ્મ છું.'' તેના પર ધ્યાન કરો; આ જ અહંગ્રહ ઉપાસના છે.
૧૨. જીવનમુક્ત સદા સુખી રહે છે. તેને સમદૃષ્ટિની પ્રાપ્તિ થયેલી છે.
૧૩. જીવનમુક્તે પણ પ્રારબ્ધ ભોગવવું પડે છે.
૧૪. તેના પ્રાણ બ્રહ્મમાં વિલીન થઈ જાય છે. તે ક્યાંય જતો નથી.

શિવાનંદવાદમાં સંપૂર્ણ સાધના

(ક) વ્યક્તિત્વનું સંપૂર્ણ ઘડતર

ખુદ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં બે માર્ગ બતાવ્યા છે અને એ બેમાં કર્મયોગને વધુ સારો કહ્યો છે. કર્મયોગ જ્ઞાનયોગથી ભિન્ન નથી, કારણ કે જ્ઞાન કર્મમાં જ અંતર્ગત છે. કર્મસંન્યાસ તથા અહંકાર, રાગ તથા કામનાઓનો ત્યાગ કરતાં કરતાં કર્મોનું સમ્યક્ સંપાદન-આ જ બે માર્ગ છે.

કર્મ તો સૃષ્ટિનો પ્રાણ છે. અવ્યક્તમાં સ્પંદનો દ્વારા જ જગતની ઉત્પત્તિ થઈ છે. સૃષ્ટિને પાર કરી ગયા પછી જ કર્મનો અંત આવે છે. બાહ્ય ઈન્દ્રિયોનું બળપૂર્વક નિયંત્રણ કરવાથી તો મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિઓનો દંભપૂર્ણ નિરોધ જ શક્ય બનશે, તેનું ઈશ્વરત્વમાં રૂપાંતર નહિ થઈ શકે. આ જ્ઞાને જ જનક તથા અન્ય જ્ઞાનીઓને કર્મયોગ માટે વિવશ કર્યા હતા.

આત્મસાક્ષાત્કાર માટે જીવ-ચૈતન્યે અનંતમાં વિલીન થઈ જવું જોઈએ. જીવને પંચકોષોથી બંધનમાં નાખનાર અહંકારનો નાશ કરવો જોઈએ. એ માટે ગમે તે સાધન તમે પસંદ કરો. લક્ષ્ય તો અહંકાર નિર્મૂળ કરવાનું જ છે. વિવેકથી જ અહંકારનો સંપૂર્ણ નાશ શક્ય છે. આ જ યોગનો આધાર છે.

જ્યારે અહંકારનાં બંધનો તૂટી જાય છે ત્યારે કર્મોથી અપ્રભાવિત, નિત્ય સાક્ષી તથા જે નથી કર્તા કે નથી ભોક્તા તેવા નિશ્ચલ આત્માનો યોગીને અનુભવ થાય છે. કર્મ પ્રકૃતિને અંતર્ગત છે. કર્મ પુરુષ તથા

આત્મા માટે નથી. છ ભાવ ગુણોના વિકાર છે, આત્માના નહિ. આત્મા તો સદા સમરસ અને એકરસ જ રહે છે.

યોગી પ્રખર કાર્યો કરે છે. પરંતુ અંદરથી તો સદા શાંત રહે છે. લોકસંગ્રહ માટે ભલે તે મહાન કાર્ય સંપાદન કરે પરંતુ પોતાની આંતરિક શક્તિથી તે લેશમાત્ર વિચલિત નથી થતો. પ્રબળ કાર્ય પણ તેના માટે બંધન ઉત્પન્ન નથી કરતાં; કારણ કે તેણે સંસ્કાર બીજને બાળી નાખ્યાં છે. અહંકારનો નાશ થાય છે ત્યારે સંસારના બંધનરૂપ કર્મફળ તેની પાસે ફરકતાં પણ નથી.

આ કર્મ-જ્ઞાનના સમન્વયમાં ભક્તિ જ સમાયેલી છે. મનુષ્યના ઘડતરમાં ભાવનાનું મહત્ત્વનું સ્થાન છે. ભાવનાનું સ્થાન હૃદય છે. ચૈતન્યનો ઝડપી વિકાસ ભાવના ઉપર આધાર રાખે છે. ગીતાના આધારે જોતાં ઉન્નતિ માટે પરા અને અપરા બંને પ્રકારની ભક્તિ જરૂરી છે. અપરાભક્તિથી પરાભક્તિની પ્રાપ્તિ થાય છે. પરાભક્તિ અને જ્ઞાન એક જ છે. સાચો ભક્ત ઈશ્વરને પોતાના હૃદયમાં બિરાજેલો જુએ છે. જ્યારે હૃદય પૂર્ણતઃ વિકાસ પામે છે ત્યારે અહંકારનું આવરણ ધીમે ધીમે પાતળું પડી જાય છે અને છેવટે વિલીન થઈ જાય છે અને લક્ષ્યની પ્રાપ્તિ થાય છે.

આ સમન્વયથી મનુષ્યના પૂર્ણ વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય છે. તેની દૈવી પ્રકૃતિના વિકાસમાં જરા પણ ત્રુટિ રહેતી નથી. તે ભયાનક કેસરી અહંકારનો શિકાર નથી બનતો કારણ કે તેનું કોઈ પણ અંગ શિકાર થવા યોગ્ય, ભેદી શકાય તેવું રહેતું નથી. પછી વિશાળ ચૈતન્ય માટે સાંસારિકતાને સ્થાન જ રહેતું નથી.

ધ્યાનયોગના અભ્યાસનું આગવું મહત્ત્વ છે. યોગી સવાર-સાંજ પોતાના માટે ધ્યાનયોગરૂપી એક કિલ્લાનું નિર્માણ કરે છે, જેથી બાહ્ય તથા આંતરિક શત્રુઓથી રક્ષા થઈ શકે. ધ્યાનના અભ્યાસથી જ મનુષ્યમાં દિવસે પણ જ્ઞાનની ભાવના સતત ચાલુ રહે છે. આ જ સમન્વય યોગ છે.

સર્વાંગી વિકાસ

મનુષ્ય વિચારે છે, અનુભવ કરે છે તથા ઈચ્છા સેવે છે. તેણે હૃદય, બુદ્ધિ તથા હાથનો વિકાસ કરવો જોઈએ. ત્રણ યોગોથી ત્રણ દોષ દૂર થાય છે. કર્મયોગથી મળ, ભક્તિયોગથી વિક્ષેપ અને જ્ઞાનયોગથી આવરણ દૂર થાય છે. કોઈ એક યોગને આધાર બનાવો; પછી બીજા યોગોનો સમન્વય કરો. આ જ છે સમન્વય યોગ.

મોક્ષપ્રિય કહે છે, ''હે ગુરુદેવ! તમે ઘણુંખરું યોગસમન્વયની વાત કરો છો અને તેના ઉપર ખૂબ ભાર દો છો. તમે તેના ખૂબ જ હિમાયતી છો તો હવે તે યોગ વિશે કંઈક ઉપદેશ આપો.''

સ્વામીજી કહે છે, ''સર્વ સાધારણ માટે સમન્વયયોગ અનુકૂળ છે, કારણ કે તે એક અનોખો યોગ છે.''

''મનુષ્ય વિચારે છે, અનુભવ કરે છે તથા કંઈક ઈચ્છા સેવે છે. તે ત્રણેયનો સમન્વય છે-ત્રિપુટી છે. તેનામાં પુષ્કળ ભાવ તથા આવેગ છે. તે તર્ક તેમજ વિચાર કરે છે. તે સંકલ્પ ઈચ્છા કરે છે. માટે તેણે હૃદય, બુદ્ધિ તથા હાથનો વિકાસ કરવો જ જોઈએ. ત્યારે જ તે પૂર્ણતા પ્રાપ્ત કરી શકશે. ઘણાખરા સાધકોમાં સંપૂર્ણ વિકાસ નથી થતો, પરંતુ બિનસમતોલ વિકાસ થાય છે. આ રથને સુગમતાથી ચલાવવો હોય તો તેનાં આ ત્રણેય પૈડાં સ્વસ્થ હોવાં જોઈએ.''

''મનના ત્રણ દોષ છે-મળ, વિક્ષેપ તથા આવરણ. મળને નિષ્કામ કર્મયોગથી દૂર કરી શકાય છે. વિક્ષેપને ઉપાસના અથવા ભક્તિથી અને આવરણને વેદાંતશાસ્ત્રના સ્વાધ્યાય, વિચાર તથા આત્મસાક્ષાત્કારથી દૂર કરી શકાય છે. માટે દરેક વ્યક્તિએ કોઈ એક યોગને આધાર બનાવી બાકી બધા યોગોનો સમન્વય કરવો જોઈએ. આ જ સમન્વય યોગ છે.''

''હઠયોગના અભ્યાસથી તમને સુંદર

સ્વાસ્થ્ય પ્રાપ્ત થશે. રાજયોગથી મન સ્થિર થશે. ઉપાસના તથા કર્મ તમારું હૃદય શુદ્ધ કરી તમને વેદાંત માટે યોગ્ય બનાવશે. સંકીર્તનથી તમારું મન આરામ પ્રાપ્ત કરશે અને તમને પ્રેરણા મળશે. આવો યોગી સર્વાંગી વિકાસ સાધી શકે છે. યોગસમન્વયથી તમે સહેલાઈથી ઈશ્વરસાક્ષાત્કાર કરી શકશો. ગીતા અને ઉપનિષદોમાં પણ આ યોગની પ્રશંસા કરવામાં આવી છે, માટે મોક્ષપ્રિય! આ યોગ સમન્વયનો અભ્યાસ કરો અને જલદીથી આત્મ-સાક્ષાત્કાર પ્રાપ્ત કરો.

આ સાક્ષાત્કાર તમારી અંદર છે. એ ત્યાં તો છે. એ તો એના જેવું છે કે એક પેટીની અંદર અતિકીમતી અને અસામાન્ય પાણીવાળો એક હીરો છે; એ પેટીને તાળું મારેલું છે અને એ તાળાની ચાવી જડતી નથી. એ હીરો મેળવવા તમારે આ પેટી ખોલવાની છે. બરાબર એ જ પ્રમાણે, આ શાશ્વત પૂર્ણતા તમારામાં સુષુપ્ત રીતે પડેલી છે. તમે એ જ પૂર્ણતા છો. અત્યારે હું તમારી સાથે વાત કરું છું અને તમે તેનું શ્રવણ કરો છો તે વખતે પણ તમે સત્-ચિત્-આનંદસ્વરૂપ જ છો. તમે એ પરિપૂર્ણ આત્મા છો. તમે સચ્ચિદાનંદ ભાવ છો. એ જ તમારો સાચો ભાવ છે. ''મારો ઘૂંટણ દુ:ખે છે, કે ઘણા વખતથી બેઠાબેઠ છું. હવે મારો બરડો દુ:ખે છે'' વગેરે ભાવ દેહભાવ કે ભૌતિક ભાવ કહેવાય છે.

આપણે વાસ્તવિકતાઓનો સામનો કરવો જ જોઈએ. આપણે બળદ આગળ ગાડું ન મૂકી શકીએ. જે પ્રશ્નનો આપણે નિકાલ કરવાનો છે તેને ટાળી ન શકીએ. માટે સાધના અનિવાર્ય છે. સાધનાથી જ આત્મસાક્ષાત્કાર થાય છે. તો સાધના એટલે શું? સાધના એટલે સાચું જીવન-પ્રભુમય જીવન. તમે જે સત્યસ્વરૂપે છો તે જ સ્વરૂપનો આવિષ્કાર થાય અને તે સ્વરૂપનાં દર્શન થાય એવું જીવન. તમે નિત્ય-શુદ્ધ અને નિષ્કલંક છો. તો, એ નિત્ય-શુદ્ધ અને નિષ્કલંક ભાવને, તમારા નિત્ય જીવનમાં, મન, વાણી અને વિચારોમાં તથા આંતરહેતુઓમાં વ્યક્ત કરતા રહો. એનો અભ્યાસ કરવો, એવું જીવન જીવવું, એને પ્રકાશમાં માણવું - આનું નામ સાધના. તમે સત્યસ્વરૂપ અને પરમ તત્ત્વ જ છો. આ સત્યનાં જ દર્શન થવા દો. તમારા હૃદયમાંથી જૂઠ કાઢી નાખો. સત્યનું મૂર્તસ્વરૂપ બનો. તમે જે છો તે જ થઈને રહો. તમારા જીવનમાં વિરોધાભાસ રહેવો ન જોઈએ. સાચી સાધના આ જ છે. દિવ્ય જીવન જીવવાનો એ સીધો માર્ગ છે; મન-વચન અને કર્મથી દિવ્ય બનવાનો એ અપરોક્ષ પથ છે.

'સાધના'માંથી સાભાર

ૐની ચાવી

હે સૌમ્ય ! સાંભળો :
હું તમને એક ચાવી આપું છું - આ ૐની ચાવી અવિનાશી છે.
તેનાથી તમે અમર પરમસુખનાં દ્વાર ખોલી શકો છો.
તમારે આંખો છે છતાં તમે દેખતા નથી;
તમારે કાન છે છતાં તમે સાંભળતા નથી;
તમારે જીભ છે છતાં તમે બોલતા નથી,
મને અનુસરો, સાચા બનો, નેકદિલ બનો.
ૐનું ગાન કરો, ૐનો ઘોષ કરો.
ૐનો જપ કરો, ૐ પર ધ્યાન ધરો. ૐમાં સ્થિર થાઓ.

- સ્વામી શિવાનંદ

જ્ઞાન, ધ્યાન અને તમારા જીવનનું આધ્યાત્મીકરણ

- શ્રી સ્વામી ચિદાનંદજી

જીવનનું પરમ લક્ષ્ય બ્રહ્મજ્ઞાન - અંતિમ અધ્યાત્મજ્ઞાન-ને પ્રાપ્ત કરવાનું છે. તે જ્ઞાન અને પ્રકાશ લાવે છે; જીવાત્માને દુઃખ અને મૃત્યુના આ લોક પર ફરીથી આવવાના ફેરામાંથી મુક્ત કરે છે; આ જીવન-મરણના અનંત ચક્રનો અંત આણે છે, તેથી તેને જીવનનું આધ્યાત્મિક ધ્યેય ગણાવ્યું છે.

ફક્ત જ્ઞાન, આત્મસાક્ષાત્કાર, આત્મ-જ્ઞાન, બ્રહ્મજ્ઞાન જ ફક્ત, માણસને મોક્ષ અપાવી શકે; કર્મકાંડનું જ્ઞાન, બાહ્ય આચારો, ઉપસંસ્કારો, યાત્રા, વ્રતો, નિયમો, દાન કે પુણ્ય મોક્ષ અપાવી ન શકે. આ બધાં સારાં કાર્યો છે પણ આવાં પુણ્યશીલ ભક્તિભરી ધાર્મિક ક્રિયાઓ સો જન્મ, અરે ના! હજાર જન્મોપર્યંત કર્યા કરો તો પણ જો તમને જ્ઞાન ન લાધે તો મોક્ષ ન મળે.

તમે ખરાબ કાર્યોના ફંદામાં ફસાઈ ન જાઓ તે માટે આ સારાં કર્મો કરતાં રહેવાનું છે. સારાં કર્મોનું આ મહત્ત્વ છે. તેઓ સાચી અને યોગ્ય દિશામાં દોરે રાખે છે અને આમ કોઈ સારી પ્રવૃત્તિની પીછેહઠને રોકવામાં સાધન બને છે. સંસારના સાગરની પાર ઊતરવા એક જ અને સલામત નાવડી ત્યારે જ મળે જ્યારે આત્મસાક્ષાત્કાર થાય, જ્ઞાનનો પ્રકાશ સાંપડે, તે જ્ઞાન બીજા બધાં જ્ઞાનથી ઉચ્ચતર છે. તેને પામીને વ્યક્તિ આ દુઃખ અને મૃત્યુના જગતમાં પાછો નથી ફરતો અને તેનું જ્ઞાન થવાથી જાણવા જેવું બધું જ જાણી જવાય છે.

તેથી જ્ઞાનનું આ પરમોચ્ચ મૂલ્ય છે, વેદાન્ત એટલે જ જ્ઞાન, જ્ઞાન મહાન પાવનકારી છે. જ્ઞાનપ્રાપ્તિ થતાં જ ભૂતકાળનાં બધાં કર્મોનાં બીજ બળીને ભસ્મ થઈ જાય છે. જ્ઞાન અપાવે તેવી એક જ સાધના છે અને તે છે ગહન ધ્યાન. ગમે તે રીતે પ્રબુદ્ધતાને વર્ણવવામાં આવે છતાં ધ્યાન અંતિમ મુખ્ય દ્વાર છે, જે ધન્યતા તરફ દોરી જાય છે.

જપયોગ, કીર્તનયોગ, કુંડલિનીયોગ, કર્મયોગ, ભક્તિયોગ, ધ્યાનયોગ કે જ્ઞાનયોગ ગમે તે યોગ કરો, તે દરેકની પરિસમાપ્તિ ધ્યાનમાં થાય છે. અંતે તો આ જુદા જુદા યોગોનાં બધાં અંગો ધ્યાનમાં પરાકાષ્ટાએ પહોંચે છે અને જ્ઞાન ધ્યાન દ્વારા જ પ્રાપ્ત થાય છે. ધ્યાન શબ્દ કદાચ ન વાપરીએ, પરંતુ બધા યોગોમાં તેનું 'ઊંડું' ધ્યાન એવા શબ્દથી વર્ણન કરવામાં આવ્યું છે. નવધાભક્તિમાં ધ્યાનનો ઉલ્લેખ થયો જણાતો નથી, પણ આત્મનિવેદન તે સિવાય અન્ય કશું દર્શાવતું નથી - તમારે શૂન્ય થઈ જવાનું છે, એકાગ્ર ભક્તિ વડે માણસની જાતને પોતે ભૂલી જવાની ખોઈ દેવાની છે. આ ધ્યાનની જ અવસ્થા છે. તેનો અર્થ ધ્યાન જ છે.

આધ્યાત્મિક જીવનમાં પરમ પ્રાપ્તિ માટે જ્ઞાન અને ધ્યાન અનિવાર્ય આવશ્યકતાઓ છે, પરંતુ જ્યાં સુધી આપણને શરીરનું ભાન હોય, શરીર સાથે આપણો અધ્યાસ હોય ત્યાં સુધી સાપેક્ષ વાસ્તવિકતા જ એક વાસ્તવિકતા છે. એટલે આપણે માનવ-જગતમાં જીવતા હોઈએ; કાર્યમાં લાગ્યા હોઈએ; કાર્ય કરવાની કે પ્રતિકાર્ય કરવાની કે પારસ્પરિક ક્રિયા જેવા વિવિધ માનવીય સંબંધોમાં કામ કરતા હોઈએ ત્યારે પરિસ્થિતિ માગે તે મુજબની વર્તણૂક આપણે કરવી જ પડે. તેથી આપણે વાસ્તવિકતામાં શું છીએ તે આપણા જીવનમાં કાર્યનું મુખ્ય મિશન છે, તેને ભુલાઈ જવાની બધી જ સંભવિતતા રહેલી છે અને અસમજણ, અવિવેક અને અવિચારની અવસ્થામાં સરકી પડવાનો ભય રહે છે

તથા અજ્ઞાનની અવસ્થામાં ફસાઈ જવાય તેવું બનવાની પણ શક્યતા છે.

દિવસના ચોવીસે કલાક આપણે ધ્યાનની સ્થિતિમાં રહી ન શકીએ. આપણે તે સભાનતા, તે જ્ઞાન, દિવસના ચોવીસ કલાક જાળવી ન શકીએ. કારણ બાહ્ય જગત અને તેમાંની વસ્તુઓ આપણને આપણી અંતરની સમતુલામાંથી બહાર ખેંચી જશે અને આ બાહ્ય દૃશ્ય જગતમાં ગૂંચવી દેશે. અવતારોને પણ મૂકપણે પોતાના નિયમોને આધીન રહી વર્તવાનું હોય છે.

દિવસના ચોવીસે કલાક જ્ઞાન કે ધ્યાનની સતત અવસ્થા જાળવવી શક્ય નથી તે સ્વીકાર્ય છે; પ્રકૃતિ આપણને બળજબરીથી પ્રવૃત્તિમાં પડીએ તેવી પરિસ્થિતિનો સામનો કરવા પ્રેરે છે તો આ વિષયમાં શાસ્ત્રોનું શું કહેવું છે? તમારા જીવનને દિવ્ય કરો! તમારી બધી ક્રિયાઓનું આધ્યાત્મીકરણ કરો અને આ જગતમાં ઈશ્વરી-ચેતનાની તમારી અવસ્થા બનાવીને જાતે જીવો, હરો-ફરો અને તેને અનુરૂપ સ્વભાવ રાખો. તમારા દિવ્ય-આત્મસ્વરૂપ સાથે સારુપ્ય સાધો. મારા આ શરીરરૂપી મંદિરમાં ઈશ્વર વસે છે તેવી સભાનતા સાથે જીવો. તમારાં બધાં કાર્યો અંતેવાસી ઈશ્વરની પરમ પૂર્ણતાની સાક્ષી પૂરે તેવાં થાય તેની સાવચેતી રાખો.

દિવ્યતા એ ચાવીરૂપ શબ્દ છે. માનવીનો ઈશ્વર બાબત શું ખ્યાલ છે ? ભગવાન કરુણાસાગર છે. તેથી કરુણાવાન થઈ, દયાળુ થઇ, ક્ષમાશીલ રહી, માયાળુ બની, બીજા માટે ખ્યાલ રાખી, ભલા થઈ, ભલું કરવું - આ રીતે આપણી જિંદગીને દિવ્ય બનાવીએ. આવા વ્યવહારથી અંતમાં જ્ઞાન અને ધ્યાન પ્રાપ્ત થશે. તમારી માનવીય વ્યક્તિમત્તા તો તદ્દન અલ્પકાલીન છે, માટે તમારા માનવીય સ્તર પરથી આચરણ કરવાના બદલે દિવ્ય સ્તર પરથી આચરણ કરજો.

દિવ્યતા તમારી વાસ્તવિક્તા છે. આ વાતને બરાબર જગાડો. જે બધું સુંદર, ઉત્કૃષ્ટ અને દિવ્ય હોય, ઈશ્વરમય હોય તેના તમે કેન્દ્ર બનો. બીજા માટે લાગણી ધરાવો. બીજાનાં સુખ-દુઃખ સાથે સાયુજ્ય ધરાવો. જ્યાં દુઃખ જુઓ કે તરત દયાની મૂર્તિની જેમ વર્તો. દયા, શાંતિ અને હર્ષના સાધન બનો. ઈશ્વરની પરિપૂર્ણતા, ઈશ્વરનો પ્રેમ, કરુણા, દયા અને બીજા માટે ખ્યાલ-ને તમારા જીવન દ્વારા વહાવવા સતતપણે એક માધ્યમ બની રહો.

આ એક આવશ્યક બાબત છે. ફક્ત આવાં વર્તનથી જ જ્ઞાન અને ધ્યાન ફળદાયી બનશે અને તમને મોક્ષ પ્રદાન કરવા શક્તિશાળી થશે. ગીતાના ૧૨મા અધ્યાયના પાછલા ભાગમાં આ બાબતનો નિર્દેશ કરતાં ભગવાન કૃષ્ણ, તેને કોણ પ્રિય છે તેની વાત કરે છે. તે કહે છે : બધાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો ભલે વાંચો, ધ્યાનમાં પણ કલાકોના કલાકો સુધી બેસો પણ જો તમારું હૃદય બીજા માટે પ્રેમ, માયાળુતા અને કરુણાથી ભર્યું નહિ રહે તો તમને બીજું બધું ભલે મળે, જ્ઞાન અને મુક્તિ મળવાં અસંભવ છે.

માટે આજના આ દિવસમાં પ્રવેશતાં, આ મહાન હકીકતનો ઉત્કંઠાપૂર્વક વિચાર કરીએ. માણસ ફક્ત સમજણ અને એકાગ્રતા જ કેળવે, તેથી જ્ઞાની અને મુક્ત થઇ જતો નથી; તે માટે તેણે પ્રેમભરી માયાળુતા અને બધા માટે શુભેચ્છા ધરાવવા ઉપરાંત સૌનું ભલું થાય તેવા કાર્યમાં લાગી રહેવું જરૂરી છે.

ઉપર બતાવ્યાં તેવાં આધ્યાત્મિક જીવનરૂપી ફળદ્રુપ ક્ષેત્રમાં જ્ઞાન અને ધ્યાન દ્વારા પ્રકાશ અને મુક્તિનાં ફળ મળશે; તે સિવાય નહિ. આપણે સૌ આ સત્ય સ્વીકારીએ અને આપણી જાતને ઈશ્વરમયતા, કરુણા, માયાળુતા અને ભલમનસાઈનાં કેન્દ્ર બનાવવા નમ્રતાપૂર્વક સંઘર્ષ કરીએ. આ એક વાત કરવી જ આવશ્યક છે.

- 'મુક્તિપથ'માંથી સાભાર.

સ્વધર્મનો અર્થ - ૩

- શ્રી સ્વામી કૃષ્ણાનંદજી

તમને ગયા અંકમાં બતાવેલી બધી બાબતોને સંસ્કૃત પારિભાષિક શબ્દોમાં 'અધિયજ્ઞસ્તર' 'અધ્યાત્મસ્તર', 'અધિભૂતસ્તર' અને 'અધિદેવસ્તર' કહેવામાં આવે છે. એક પાંચમી બાબત પણ છે. શાસ્ત્રોની વ્યાખ્યાઓમાં સામાન્ય રીતે એનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એને 'અધિધર્મ' કહેવાય છે. નવા કરારમાં એને જ ઈશ્વરના રાજ્યનો પવિત્ર કાનૂન કહેવામાં આવ્યો છે. ઈશ્વરનું રાજ્ય 'અધિદેવ' છે. મુખ્ય આધ્યાત્મિક વાસ્તવિકતા છે. અને એનું વિશ્વને ચલાવતું પવિત્રત્વ એ એનો 'કાનૂન' છે. વેદો આ કાનૂનને 'સત્ય' અને 'ઋત' એવાં નામ આપે છે. 'પૂર્ણ કાનૂન' અને 'વૈશ્વિક પ્રક્રિયાગત' એ એનો અર્થ છે. દાખલા તરીકે, ખાસ કરીને ભારત જેવા લોકશાહી પ્રજાસત્તાક દેશના બંધારણમાં જેમ બધાં ખાતાંની વિભાગીય સત્તાઓથી ઉપરવટની સત્તા રાષ્ટ્રપતિને આપવામાં આવી છે અને બધાં ખાતાં વિભાગોના નિયમો વડા પ્રધાન મારફત કામ કરે છે છતાં તે બંને રાષ્ટ્રપતિ અને વડા પ્રધાન - એકબીજાથી સાવ સંબંધ વગરના હોતા નથી અને છતાંય તે બંને પોતપોતાનું અલગ મહત્ત્વ પણ ધરાવે છે, બરાબર એ જ રીતે વેદોમાં કહેલાં આ 'સત્ય' અને 'ઋત'નું પણ છે. 'સત્ય' એ વિભાગો - ખાતાંઓથી ઉપરવટનો પૂર્ણ સિદ્ધાંત છે. તમે એને બધા કાનૂનોનો પાયો કહી શકો અને સર્જનના ખાસ સંદર્ભમાં જે કામ કરે છે, તેને 'ઋત' કહેવામાં આવે છે. દરેકે એ કાનૂન માનવો પડે છે. મેં તમને ઘણી વખત કહ્યું છે કે, 'ધર્મ - કાનૂન'ને ઘણી વિશાળ અર્થ સ્છાયાઓ હોય છે, એ સમજવી સહેલી નથી, કારણ કે એને ઘણી કક્ષાઓ, ઘણી અભિવ્યક્તિઓ અને ઘણી પ્રક્રિયાઓ હોય છે.

શ્રીકૃષ્ણ અર્જુનને આપેલા ઉત્તરમાં આ બધી વાતોને આવરી લે છે કે જેથી કૃષ્ણનો ઉત્તર જીવન સાથે પૂરેપૂરો બંધ બેસે છે. એમણે કશું કહેવાનું બાકી રાખ્યું નથી, કારણ કે અર્જુનની સમસ્યા તો સમસ્યાઓનો પૂરો સરવાળો હતી. એના વ્યક્તિત્વના કોઈ એકાદ ખૂણેથી જ ઊઠેલી કોઈ વસ્તુ ન હતી. તમે પૂછશો કે આ 'સમસ્યાઓનો પૂરો સરવાળો' એટલે શું ? એ એક નવી સમસ્યા છે કે જે માનવના સમગ્ર વ્યક્તિત્વમાંથી - સામાજિક, ભૌતિક, માનસિક ક્ષમતા સંબંધી અને બૌદ્ધિક-બધેથી ઉત્પન્ન થાય છે. માનવસમાજના સંબંધમાં પોતાના ધર્મ વિશે અર્જુનના મનમાં જે સમસ્યા ઊઠી એની વાત આપણે પહેલાં કરી ગયાં છીએ. લડાઈમાં પોતાને સંડોવીને, એનાં આવનારાં પરિણામો વિશેની એ શંકા હતી. એને લાગ્યું હતું કે તે નૈતિક, સામાજિક અને સ્થિર નિયમોનાં મૂલ્યોનો હ્રાસ કરી નાખશે. એક રીતનું એને એ પાપ માનતો હતો પણ એટલું જ ન હતું. અર્જુન આથીય હજુ વધુ ખરાબ સ્થિતિમાં હતો. એનું આખું વ્યક્તિત્વ છિન્ન વિચ્છિન થઈ ગયું હતું. તે ક્ષણે તે પોતાના અસલ રૂપે રહીને વિચાર કરી શકતો ન હતો. એના વ્યક્તિત્વની વ્યવસ્થા જ પૂર્ણતઃ ઢીલીઢફ થઈ ગઈ હતી. પોતાના વ્યક્તિત્વને અસંબદ્ધ કરવાનું વલણ એમાં દેખાતું હતું. એણે કહેવું શરૂ કર્યું: ''અરે! મારું શરીર બળે છે, હાથ કંપે છે, રૂંવાડાં ઊભાં થઈ જાય છે, માથું ભમે છે, મન વિચારી શકતું નથી, મારી બુદ્ધિ કામ કરતી નથી !'' અને પછી તો માણસમાં બાકી શું રહે ? બધું જ ચાલ્યું ગયું ! તેણે પોતાનામાં રહેલી બધી વસ્તુ પરનો અને પોતે જે હતો તે પરનો પણ કાબૂ ગુમાવી દીધો. એના વ્યક્તિત્વનાં પાંચેય સ્તરો-કોશો-અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય એટલે કે ભૌતિક, શારીરિક, માનસિક, બૌદ્ધિક અને કારણ સ્તરો મૂળમાંથી જ હલી ઊઠ્યાં ! એના વ્યક્તિત્વનો આખો મહાલય જાણે નીચે

ધરતી પર આવી પડ્યો હતો ! આ સંજોગોમાં કોઈ વાત વિશે તે શો અભિપ્રાય આપી શકે ? એણે જે કંઈ કહ્યું એ તો ફાંફાં હતાં. બડબડાટ હતો. વસ્તુસ્થિતિને બગાડતી ભૂલ હતી.

આધ્યાત્મિક સાધકના નસીબમાં પણ આવું જ લખાયેલું હોય છે. ભગવદ્‌ગીતાને આપણે આધ્યાત્મિક ઉપદેશ તરીકે શીખીએ છીએ. આધ્યાત્મિક માર્ગ પર પગલું પાડનારનાં આગળ એ મોટી મશાલનું કામ કરે છે. મુખ્યતઃ એ ઈશ્વરને ઝંખતા કોઈ પણ માનવી માટે કહેવાયેલી છે. આત્માની મુક્તિનો એનો હેતુ છે. એ કંઈ આપણે જાણીએ છીએ તેવો ઈતિહાસ માત્ર નથી અથવા વિસ્તારથી કહેવાયેલી દંતકથા નથી. એને ભલે કલ્પના, પૌરાણિકતા કે મહાકાવ્યના ભવ્ય વાઘા પહેરાવવામાં આવ્યાં હોય પણ એનું સારતત્ત્વ, મુખ્ય મુદ્દો કે ભીતરનું સત્ત્વ તો તદ્દન નિર્વૈયક્તિક આધ્યાત્મિકતા જ છે.

- 'ગીતા દર્શન' માંથી સાભાર

જે જપે એ જંપે

- શ્રી બાબુભાઈ સોલંકી 'રાકેશ'

''શું થયું...? શું થયું...??''

આસપાસના લોકો રઘવાયા બનીને દોડી આવ્યા. મકાનના ત્રીજે માળેથી, દાદરથી ગબડતો... ગબડતો... ચૂનિયો ઈંટોની પરસાળ પર પટકાયો. છોલાવાથી શરીરે લોહીની ટશરો ફૂટી... બેભાન થઈ ગયો. ચાર જણે ટીંગાટોળી કરી એને ખાટલામાં સુવાડ્યો. એક જણ લોટામાં પાણી લાવ્યો... મોં પર છાંટ્યું.

કોઈએ ઓરડામાં માળા ફેરવતાં, નામ-જપ કરતાં માતાજીને ખબર કર્યા-'ચૂનિયાને ફેફરુ થયું ને ઉપરથી ગબડતો નીચે પટકાયો... ઘાયલ થયો છે.'

વડોદરામાં ચૂનિયાએ જેને પોતાની આધ્યાત્મિક-મા માનેલી એ મહિલા બહાર દોડી આવી. ચૂનિયાને માથે હાથ ફેરવતી જાય ને 'હરિ ૐ...હરિ ૐ' જપતી જાય. ચૂનિયાને જરા કળ વળી, સહેજ ભાનમાં આવ્યો, આંખો ખોલી...સામે માને જોઈ, બે હાથ જોડ્યા. માએ કહ્યું - ''ચૂનિયા...! તું આજે મોટી ઘાતમાંથી બચી ગયો... તું તો બડભાગી છે. જેણે તારી રક્ષા કરી એના નામનો જપ કર. ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં, ખાતાં-પીતાં એક માત્ર 'હરિ ૐ' જપ્યા કર. તારી ફેફરાની બીમારી મટી જશે.''

''મા...! નર્મદા કિનારે રણછોડજી મંદિરના મહાત્માએ પણ મને મારા ફેફરુ માટે આવો જ ઉપાય દર્શાવેલો. એમણે કહેલું - 'હરિ ૐ'નો જપ કરવાથી તારું ફેફરુ મટી જશે.' પણ એ ઘડી જવાનીના તોરમાં મને વિશ્વાસ નો'તો બેઠો. હવે આપ કહો છો તો મરતાં સુધી નામ જપ નહીં છોડું.''

ચૂનિયાએ દૃઢ પ્રતિજ્ઞા કરી. દિવસમાં ચાર-કલાક 'હરિ ૐ' નો જપ કરતાં કરતાં એનો ફેફરાનો રોગ મટી ગયો. માના આશીર્વાદ ફળ્યા... ચૂનિયાની સાધના ફળી... શ્રદ્ધા ફળી.

'પ્રભુના નામ-સ્મરણથી શરીરના રોગ તો મટે છે, કામ-ક્રોધાદિ પણ શમે છે. જે જપે એ જંપે.' ચૂનિયા પાસેથી વાત સાંભળી ગાંધી બાપુ પ્રસન્ન થયા.

આ ચૂનિયો ચૂનિયામાંથી ચૂનિલાલ ભાવસાર થઈને નડિયાદમાં 'હરિ ૐ આશ્રમ'નો અધિષ્ઠાતા બન્યો એટલું જ નહિ સમાજ સેવાનાં મોટાં મોટાં કામો કરી પોતાના 'શ્રી મોટા' બિરુદને સાર્થક કર્યું.

☐ **'સંત પરમ હિતકારી'માંથી સાભાર**

વિશ્વ ગુણવત્તાસભર ઉત્પાદકતા દિવસ

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

Amneal (એમનિલ) દવા બનાવનારી (અમેરિકા સ્થિત) સંસ્થાના અમદાવાદ સ્થિત ઉત્પાદન ઔદ્યોગિક સંસ્થાનના કામદારો અને સંચાલકો માટે પૂજ્ય સ્વામીજી દ્વારા કરવામાં આવેલાં ઉદ્દ્બોધનનો સાર. (સંપાદક)

નમસ્કાર. સૌનું મંગળ થાઓ. શુભ થાઓ. કલ્યાણ થાઓ. આજે 'વિશ્વ ઉત્પાદક્તા દિવસ' છે. ઉત્પાદન જ માત્ર નહી, પરંતુ તે ઉત્પાદનમાં ગુણવત્તા શ્રેષ્ઠ હોય તે માટેનો દિવસ છે. અહીં આ શ્રેષ્ઠ કહેવાનો અર્થ એટલા માટે કે આપણે જે પણ કોઈ ક્ષેત્રે કાર્યનિરત હોઈએ તે કાર્યક્ષેત્રના જે તે કામ સંબંધી જાગૃત છીએ? દા.ત. તમો સૌ અત્યારે અહીં વિવિધ વાહન ઉપર આવ્યા. સ્કૂટર પર આવો ત્યારે હેલ્મેટ પહેરી હતી ? રાહદારીઓના ચાલવાના રસ્તા ઉપર તો આપણું વાહન પાર્ક થયું ન હતું ને? ગ્રીન લાઈટ થતાં પહેલાંથી જ ગાડી ચલાવી દીધેલી? અને જો કારમાં આવ્યા હોય તો આગળ બેઠેલા અને હવે તો પાછળ બેસનારા માટે પણ નવી આવેલી ગાડીઓમાં પટ્ટો બાંધવાની સગવડ છે, તે પટ્ટા બાંધ્યા હતા કે નહીં? બહાર ચા-પાણીની વ્યવસ્થા છે તે નાસ્તો કરીને કાગળ-પ્લેટ વપરાયેલા પ્લાસ્ટિક કે થર્મોકોલના ગ્લાસ આમતેમ નહીં નાખતાં કચરાપેટીમાં જ નાખ્યા હતા ને?

અહીં સ્ટેજ ઉપર જે જે મિત્રોનાં નામ બોલાય છે, તેનું ઉચ્ચારણ બરોબર થાય છે? ઉદ્દ્ઘોષકે - આ પૂર્વે તેમણે શું બોલવાનું છે, તેના માટે "Home Work" કર્યું હતું ? આ બધી બાબતો નાની લાગે છે, પરંતુ ખૂબ જ જરૂરની છે અને આપણા ઉત્પાદનની ગુણવત્તા ઉપર આ વાતોનો ખૂબ જ મોટો આધાર છે.

આપણે જ્યાં કામ કરીએ છીએ ત્યાં સ્વચ્છતા જાળવીએ છીએ? કામના સમયે કે પછી પણ માવો-તમાકુ-બીડી-સિગારેટ કે પડીકીઓની ટેવ તો નથી ને ? તમારા કારખાના કે દવા બનાવવાના ક્ષેત્રમાં તમો પાનની પિચકારીઓ તો મારતા નથી ને?

આપણે ત્યાં વર્કશોપમાં દરેક મશીન ઉપર એક કુશળ કારીગર હોય છે, પછી તેના માટે એક મદદનીશ પણ હોય છે. વર્કશોપમાં એક સુપરવાઈઝર અને તેના ઉપર એક ફોરમેન અને ત્યારબાદ પ્લાન્ટ-જુનિયર અને પછી સિનિયર મેનેજર હોય છે. આટલું થયા પછી જે ઉત્પાદન થયું છે તેની પરીક્ષા-ક્વૉલિટી કંટ્રોલ વિભાગ, ત્યારબાદ પેકિંગ, ફોરવર્ડિંગ અને ડિસ્પેચિંગ વિભાગ. આ બધા જ નાના-મોટા લોકોની વચ્ચે એક સફાઈ કામદાર, વીજળી પુરવઠો સતત મળતો રહે- માલની ઉચિત જાહેરાત - માર્કેટિંગ થતું રહે. બજાર અને સમયની માગ પ્રમાણે નવી શોધખોળો, તેનો આપણા ક્ષેત્રમાં સત્વરે ઉપયોગ, નિર્ણય વિભાગ, કામ માટે આવશ્યક કાચામાલની આયાત અને તેની ખૂબ જ ઝીણવટભરી વૈજ્ઞાનિક તપાસણી પછી જ ઉપયોગ... આ બધું સૌના માટે એકસૂત્રતા માગી લે છે.

ચાળીસેક વર્ષ પૂર્વે એક ખૂબ જ મોટી કપડાં (ઊનનાં) બનાવવાના કારખાનામાં જવાનું થયેલું. ઝેકોસ્લોવેકિયન મશીન છ ભાગોમાં વિભાજિત હતું. એક સ્થાને બજારમાંથી આવેલું ઊન નાખવામાં આવે. તે સાફ થાય, તેમાંથી ખૂબ મોટા પટ્ટા બને, પછી તે પટ્ટા વધુ બારીક બને, તેમાંથી પૂણી અને પછી તાર બને. હજારોની સંખ્યામાં આ તાર-તાણાવાણામાં વણાય અને કપડું જે તે રંગમાં રંગાઈને તાકાઓમાં ગોઠવાઈ જાય. એક પણ તાર તૂટે તો આખુંયે મશીન બંધ થઈ જાય, પરંતુ દરેક વિભાગમાં અલગ અલગ જાતનું તેલ દર છ કલાકે 'ઊંજવું' પડે. આ તેલ પણ આ મશીનની નિર્માતા કંપની જ આપે. અહીં ચાલશે-ફાવશે- ભાવશેનું તત્ત્વજ્ઞાન કામ ન આપે. દુર્ભાગ્યે આપણા જ લોકો તેમાં અનિયમિત રીતે અને નક્કી કરેલા સ્તર કે યોગ્યતા પ્રમાણેના તેલને તે મશીનરીની કાર્યદક્ષતા જાળવવા માટે ન 'ઊંજાય' તો મશીન ચાલ્યા તો કરશે પણ તાર તૂટતા રહેશે અને ઉત્પાદન થતું રહેશે, પરંતુ ગુણવત્તા વગરનો માલ

બજારમાં ચાલશે નહીં. હજુયે ગરમ કપડાં બનાવવાની મિલ ચાલે છે, પરંતુ તેનું નામ બજારમાંથી ભૂંસાઈ ગયું છે.

હીરો મોટર્સના E.D. સન્માનનીય સ્વ. બ્રજમોહનલાલજી મુંજાલ સાથે જાપાનની એક કંપનીનાં પ્રોડ્કશન ફ્લોર પર જવાનું થયેલું. ત્યાં સાઈકલ ઉપર લાગતી ઘંટડી માટેની 'સ્પ્રિંગ' બનતી હતી. બધું મશીનથી જ થતું હતું, છતાં છેડા ઉપર એક વ્યક્તિ તેમાંની થોડી સ્પ્રિંગોને અલગ તારવતી જતી હતી. એક સ્પ્રિંગ આજીવન ચાલવાની હતી, જ્યારે બીજી સ્પ્રિંગ દશેક વર્ષ જ ચાલશે, તેમ તેણે જણાવ્યું. દશ વર્ષ ચાલે તો તે બરોબર નહીં. તેનું મન જાગૃત છે. "Japanનો માલ પ્રામાણિક નથી" એવું કોઈ કહે તે ઉચિત નહીં. દશ-પંદર રૂપિયાની કિંમતની એક સ્પ્રિંગમાં તેને તેના દેશની આબરૂ જણાય છે. મેં આગળ કહ્યું તેમ આપણાં ઉત્પાદનની ગુણવત્તામાં થયેલી માઠી અસર અને એક કામ પાછળ આઠ માણસના પગારના કારણે આપણે ચીન-જાપાન સામે રશિયાના બજારમાં ઊભા રહી શક્યા નથી.

આ બધાથી વધુ ખૂબ જ જરૂરી વાત છે, તે આપણાં વ્યક્તિગત જીવનની. આપણે આપણાં અંગત પારિવારિક જીવન અને આપણી કુટેવોની અસર આપણા કાર્યક્ષેત્ર અને ઉત્પાદનની ગુણવત્તા ઉપર ન થાય તે જોવાનું ખૂબ જ આવશ્યક છે. દા.ત. ઘરમાં થયેલા કંકાસની અસર આપણી દૈનિક કાર્યસરણી પર થાય જ છે. જો આપણે કારખાને પ્રસન્નચિત્તે આવીએ તો ઉત્પાદન સંબંધી જાગરણ માટેની જાગૃતિ કેળવવી નહીં પડે, પરંતુ જો ગૃહકંકાસ અને ક્લેશથી વિક્ષિપ્ત થયેલું મન, તેની ઘેરી અસર આપણી વિશિષ્ટ ક્ષમતાને મંદી અને ઓછી જાગૃતિના કારણે ગુણવત્તાની સધ્ધરતાનો ઊંચો આંક સાચવી શકશે નહીં. તમો જે પણ કોઈ વિભાગમાં નિમણૂક થયેલા હો તો જાણવું જોઈએ કે આપણામાંની પ્રત્યેક વ્યક્તિ આપણી સંસ્થાની અગત્યની વ્યક્તિ છે. "આપણે ક્યાં મોટા છીએ ? આપણે મોટા થઈને કરવાનું પણ શું છે ?" આવા નબળા વિચારો આપણને ઉત્કર્ષ કે અભ્યુદય આપી શકે નહીં. ચિંતન સકારાત્મક કરો અને તેનો અમલ પણ સકારાત્મક રીતે કરો. તમો વ્યક્તિ નથી. તમો શર્મા, વર્મા, પટેલ કે શેઠ નથી. તમો 'એમનિલ' છો. તમારામાંની પ્રત્યેક વ્યક્તિ હું જ આ કારખાનું કે ફેક્ટરી છું, મારો વિચાર- મારું વર્તન- મારી વાણી- મારું અસ્તિત્વ એટલે 'એમનિલ'નો વિચાર, વર્તન અને વાણી કે અસ્તિત્વ એમ જાણવું જ પડે. જ્યારે કોઈ પણ ભારતીય ક્યાંય પણ ઊભો રહે તો હું જ ભારત છું તેવું માને- સમજે અને અનુભવે ત્યારે તેનો ભાવ, સ્વભાવ અને પ્રતિભાવ અનેકગણો આદર્શવાન બની રહે છે.

અને છેલ્લે... એ કદી ન ભૂલશો કે આપણે સૌ એક જ પરિવારના છીએ. અહીં કોઈ પણ જાત- પાત, ભાષા કે સ્થાનનો ભેદ જાણશો નહીં. પરસ્પર પ્રેમ- સદ્‌ભાવ અને સન્માનની ભાવનાથી જ એકતા જળવાશે. જ્યાં સંગઠન છે ત્યાં વિચારો- વ્યવહાર અને કાર્યદક્ષતાની ગુણવત્તાનો આંક સદૈવ ઊંચો રહે છે. ભૂલો તો થાય, પરંતુ ભૂલોને ભૂલતાં શીખીએ. ભૂલોનું પુનરાવર્તન ન થાય તે બાબતે જાગૃત રહીએ. કદીયે કોઈ પણ કારણસર કોઈને પણ ધિક્કારશો નહીં. આ ધિક્કાર તે આપણી અણઆવડત અને સમજણની 'ઓછપ'નું પ્રતિબિંબ છે. માટે સૌને આદર આપો. કામ માટે નક્કી કરેલા કલાકો દરમિયાન મોબાઈલનો ઉપયોગ કરવાનું ટાળો. ક્રિકેટ અને ઈલેક્શન અથવા કોઈ પણ સમાચાર તે સારા હોય કે માઠા તેની આપણી યોગ્યતાને નકારાત્મક સરણીમાં લઈ જવાની અસર થાય છે.

એક નવી ટેવ પાડો, વહેલાં સૂઈ જવાની. આઠ કલાક પૂરા સૂવો. અલગ-અલગ પાળીમાં આવતા મિત્રો ઊંઘવાના કલાકોમાં ઓછું ન કરે. સૂતાં પૂર્વે અને ઊઠીને થોડી પળો શાંત બેસો. થોડી પ્રાર્થના કરો. પ્રાર્થના એટલે કંઈ માગવાનું નથી. પ્રાર્થના તમારી વ્યક્તિ ચેતનાને સમષ્ટિ ચેતનામાં જોડશે. તમારા હાથમાં વૈશ્વિક ક્ષમતાસભર ઉભાર આવશે. તમારું જીવન ધબકારાભર્યું બનશે અને તે જ ક્ષણે તમારા હાથમાંથી પસાર થતું પ્રત્યેક કાર્ય વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન, ઉચ્ચ ગુણવત્તાસભર ઉત્પાદનનું હશે. ઈશ્વર આપને સૌને તથા આપનાં વ્યક્તિગત પરિવાર અને એમનિલ પરિવારને આનંદમાં રાખે.

હું કોણ છું ?

- શ્રી સ્વામી સચ્ચિદાનંદજી

મનરૂપી સાગરની મધ્યે ઊંડાણમાં કોઈ મલિનતા હોતી નથી. તે પૂરેપૂરું નિર્મળ હોય છે. તે હંમેશાં સંતુષ્ટ હોય છે. તેને કદી ગમવાનું કે ન ગમવાનું હોતું નથી. તે દરેક વસ્તુનો સ્વીકાર કરે છે. તેને સહેજે અભિમાન હોતું નથી અને તમારા સાચા સ્વરૂપની આ વાસ્તવિક પ્રકૃતિ છે. આ વાસ્તવિક પ્રકૃતિનું આ જ્ઞાન જ તમને આ દુનિયાનાં તોફાનોમાંથી મુક્ત કરશે. તે તમને મનની ક્ષુદ્રતામાંથી મુક્ત કરશે. આ ક્ષુદ્રતા માનવજાતને અગણિત નામ - ''હું આ છું; તે પેલો છે, તે મારાથી જુદો છે''માં વહેંચી દે છે. લોકો એકબીજાને મારી નાખે છે, કારણ કે તેઓ જૂથબંધી રચે છે. પોતે જ વિભાજિત થઈ જાય છે. તેઓ આ ભેદથી ઉપર છે તે સત્ય જોવા અને સમજવામાં નિષ્ફળ જાય છે.

તમારી સાચી ઓળખ જાણ્યા પછી જ બીજાઓને પણ જાણી શકો તે જ્ઞાનમાં આપણે બધાં સાથે છીએ. બધી મહાન ફિલસૂફીઓ અને બધા યોગના ઉપદેશ આ વાતને સ્પષ્ટ રીતે સમજાવે છે. આ મુદ્દાઓનું મનન તથા વિશ્લેષણ એ ધ્યાનનું બીજું સ્વરૂપ છે. તેને જ્ઞાનયોગ કહે છે. તે પોતાની જાતનું વિશ્લેષણ કરવાથી પ્રાપ્ત થાય છે. વિશ્લેષણ કરવાની ક્ષમતાવાળા લોકોના સ્વભાવને તે વધુ અનુકૂળ રહે છે. આના અભ્યાસમાં તમારે ફક્ત બેઠા બેઠા જે કંઈ બની ગયું છે અને જે કંઈ બની રહ્યું છે તે દરેક વસ્તુનું વિશ્લેષણ કરવાનું છે. આમ કરવાથી તમે તમારી જાતને અલગ પાડી દો છો અને તમારી મર્યાદાથી પર થઈ ઊંચે આવો છો. હું કોણ છું? આ બધી વસ્તુઓને હું કેવી રીતે જાણી શકું છું? હું જાણું છું કે હું ક્ષુબ્ધ છું, છતાં મારું જ્ઞાન ક્ષુબ્ધ થયેલું જણાતું નથી. જો હું ક્ષુબ્ધ હોઉં તો મને કોઈક ક્ષુબ્ધ બનાવે છે તેની જાણકારી કોની પાસે હશે?

જો ગાંડો માણસ સમજે કે તે ગાંડો છે તો તે ગાંડો ન ગણાય. જો સ્વપ્નવશ માણસ સમજે કે તેને સ્વપ્ન આવ્યું છે તો તેને સ્વપ્નવશ ગણી ન શકાય. જો કોઈ દીવાનો માણસ પોતાની સમસ્યાઓ સમજે અને કહેઃ ''તમે જાણો કે હું દીવાનો છું.'' તેને તરત જ ગાંડાની હોસ્પિટલમાંથી રજા આપી દેવાય છે. જે ઘડીએ તમે માંદા છો તેમ સમજો છો તે ઘડીથી તમે સાજા થવા લાગો છો. રોગનું અજ્ઞાન તેનું મુખ્ય કારણ છે.

જ્યારે પણ તમને કંઈક થાય ત્યારે તમારી જાતને શા માટે થાય છે તે પૂછો પણ તમારી પૃચ્છામાં બહુ ગંભીર થવાની જરૂર નથી. જ્યારે મિત્ર તમને કેમ છો તેમ પૂછે ત્યારે તમારું વિશ્લેષણ ચાલુ રાખવાની જરૂર નથી. તમારે થોડીક વાર માટે તે કોણ છે? હું કોણ છું? વગેરે પ્રશ્નોને એક બાજુ મૂકી તેની સાથે સામાન્ય રીતે વર્તી સારા સંબંધ રહે તેમ જોવું જોઈએ.

વિશ્લેષણ કરતી વ્યક્તિ હંમેશાં દરેક વસ્તુ વિષે પ્રશ્નો પૂછશે. તે પોતાના હાથમાં કોઈ ફળ લઈ તરત જ પૂછશેઃ ''તેને કોણે રોપ્યું?'' ''તે ક્યાંથી આવ્યું?'' ઉષ્ણકટિબંધમાંથી? ઉત્તર ધ્રુવ પ્રદેશમાંથી? એટલાન્ટિક પ્રદેશમાંથી? તેની શું કિંમત છે? તે કેટલો સમય તાજું રહી શકે?'' આ બધા પ્રશ્નોના ઉત્તર મળ્યા સિવાય તે કદાચ ફળને ખાશે પણ નહિ. તેની મા તેને કહેઃ ''બાળક, હું તારી માતા છું.'' ''તે મને કેમ ખબર પડે? તમે એમ માનો છો કે તમે જે કહો તે મારે માની લેવું? મને સાબિતી આપો.''

તેની માતા એમ પણ કહેઃ ''જો આ તારા પિતાશ્રી છે.'' ''તને બરાબર ખાતરી છે? હું તારી વાતને સ્વીકારી ન શકું.'' તેને દરેક વસ્તુને સીધા વિશ્લેષણ માટે કસનળીમાં મૂકવાની ઈચ્છા છે. તે બહારની અને અંદરની દરેક વસ્તુ માટે પ્રશ્ન પૂછે છે, ''હું કોણ છું?'' ''હું શા માટે છું?'' ''મને ભરત નામ ક્યારથી આપવામાં આવ્યું છે? ફક્ત જ્યારથી મારાં મા-બાપે તે નામ આપ્યું હશે તે પહેલાં હું શું હતો? પહેલાં હું બાળક હતો અને મને બધાં ''બાબો'' કહેતાં હતાં. થોડાક સમય પછી મને ભરત કહેવા લાગ્યા તો પછી હું ખરેખર શું છું ? બાબો કે ભરત?'' તે દરેક

વસ્તુનું વિશ્લેષણ કરવા ઈચ્છે છે. હું મારા નામની પાછળ વિશેષણ લખું છું - ''પ્રમુખ.'' હું ક્યારથી પ્રમુખ છું અને ક્યાં સુધી હું પ્રમુખ રહેવાનો છું? હું ક્યારથી વકીલ છું? હું તે પહેલાં શું હતો? ધારો કે મારા મગજ પર કોઈ મોટો શોક લાગે અને કાયદા સંબંધી હું બધું જ જ્ઞાન ભૂલી જાઉં તો હું હજુ વકીલ કે પ્રમુખ હોઈ શકું ? અથવા તો હું ગાંડાની હોસ્પિટલમાં હોઈશ? આમ, આ નામ શું છે? મને આ નામ કેવી રીતે મળ્યાં?

આવા અનેક પ્રશ્ન દ્વારા તેને ભાસ થાય છે કે તે શરીરથી, મનથી, તેની લાગણીથી અને તેનાં કર્મોથી તદ્દન ભિન્ન છે. જો તેને ગુસ્સો આવે તો તે પૂછે: ''આ ગુસ્સો ક્યાંથી આવ્યો? તે પાછળથી શરીર દ્વારા વ્યક્ત થતો દેખાતો હોવા છતાં શરીરમાંથી તો નથી જ, લાગણી મનમાં હોય છે, જે માનસિક ક્ષુબ્ધતા દ્વારા વ્યક્ત થાય છે. તમે ગુસ્સે છો તેમ તમે કેવી રીતે જાણી શકો? જો વ્યક્તિ જાણે કે પોતે ગુસ્સામાં છે તો તે ખરેખર ગુસ્સામાં નથી. જે વ્યક્તિ જાણે છે કે હકીકતે તે ગુસ્સે થયેલ વ્યક્તિ નથી પણ તેનું મન ગુસ્સામાં છે આવું જાણનાર ગુસ્સે નથી.

જો તમે એમ કહી શકો: ''હું અશાંત છું તેની મને જાણ છે'' તો તમે અશાંત છો તેવી તમારી સમજમાં કોઈ અશાંતિ નથી. જ્ઞાનયોગનો સીધો વિશ્લેષણ અભિગમ ખૂબ સૂક્ષ્મ છે. જો તમારી જાણકારી જ અશાંત હોય તો તમે અશાંત છો તેવું કદાપિ જાણી શકો નહિ. તમે જાણતા હતા કે તમે સુખી છો. હવે તમે જાણો છો કે તમે દુઃખી છો. તમારામાં જે કંઈ બને છે તે સઘળું તમે જાણો છો. આ જાણકારી-જ્ઞાનને સભાનતા કે ચેતના કહેવામાં આવે છે. સાચી વ્યક્તિ - સાચા તમે - સતત એક જ રહો છો, કારણ કે તે જાણકારીમાં કોઈ જ ફેરફાર નથી. તમે જાણતા હતા કે તમે બાળક હતા. હવે તમે જાણો છો કે તમે પુખ્ત છો અને તમે જાણો છો કે તમે વૃદ્ધ થવાના છો. બાળપણ, પુખ્તતા અને વૃદ્ધત્વનું જ્ઞાન એકસરખું છે. તમે ખરેખર વિભિન્ન કે જુદા થઈ જતા નથી. તમે તો ફક્ત તત્પૂરતું તમારી જાતને શરીર તરીકે ઓળખાવો છો. હું તમને પૂછું કે તમે શું કરો છો? તમે કહેશો: ''હું બેસું છું'' પણ ખરેખર તમે બેઠેલા નથી. તમારું શરીર બેઠેલું છે. જ્યારે તમે કહો: ''હું પડી ગયો'' ત્યારે આ ''હું'' કોણ છે? તે સાચો ''હું'' નથી જ. શરીરના તફાવતને મન તમારા તફાવત તરીકે ઘટાવે છે અને તમે તમારી જાતને શરીર સાથે એકરૂપ ગણો છો.

આ આત્મવિશ્લેષણ તમારી બધી સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે. તમે તમારું શરીર નથી. તમે તમારું મન નથી, કારણ કે તમે તો તેમને જુઓ છો. - તેમના સાક્ષી છો. તમને જે કોઈ સંતાપતું હોય - પછી ગમે તે હોય, તમે લગીર શાંતિથી બેસો અને તમારી જાતને પૂછો, ''મેં શું કર્યું?'' મેં કઈ ભૂલ કરી છે? હું ક્યાં સ્વાર્થી થયો?'' જ્યારે તમે આ રીતે તમારી જાતનું વિશ્લેષણ કરશો ત્યારે તમે જોઈ શકશો કે તમારું સુખ તમારી બહારથી આવતું નથી. તમારા મન અને શરીરમાં સતત કેટલાક ફેરફાર થયા જ કરે છે, પણ જાણકારીમાં ફેરફાર થતો નથી. શાંત સ્વભાવ પર કદી અસર થતી નથી. ફક્ત જ્યારે તમે ભૂલી જાઓ છો અને તમારી જાતને શરીર અથવા મન સાથે એકરૂપ માનો છો ત્યારે વાદળાં આવી જાય છે અને સૂર્ય-તમારા સાચા આત્માનાં દર્શનને અટકાવી દે છે. વાદળાં હોય કે ન હોય છતાં સૂર્ય તો હંમેશાં પ્રકાશતો જ હોય છે. મનને આવા વાદળવાળા સમયના ગાળામાંથી પસાર થવું પડે પણ જ્ઞાતા તરીકે તમે તો પ્રસંગને માણી શકો છો. મન અને તેના નાટકને માણો. છેલ્લે તો મન જ છે, તેનામાં ફેરફાર થાય તેમાં કંઈ ખોટું નથી - નવું નથી. કેટલીક વાર તે સુખી હોય છે, કેટલીક વાર દુઃખી હોય છે. તે તમે સારી રીતે જાણો છો. આ માટે ચિંતા કરવાની કંઈ જ જરૂર નથી. તેને તેની રીતે વર્તવા દો અને જે કંઈ બને તેને માણો. હંમેશાં સુંદર નાટક જોવા મળશે.

દરેક જણ નટ છે. દુનિયા એક વિશાળ નાટ્યગૃહ છે. જો આપણે ભજવવાના ભાગને બરાબર શીખી લઈએ તો આપણે ખેલને સાચે જ માણી શકીએ. હવે હું ગુરુ તરીકે મારો ભાગ ભજવું છું. પણ ગુરુને કોણ બનાવે છે? - શિષ્યો, વિદ્યાર્થીઓ. નાટકીય સત્ય તો એ

છે કે આપણે બધાં મહાન નાટકમાં જોડાયેલાં છીએ પણ અહીં ફક્ત એક પરમ નિયામક છે, પપેટ માસ્ટર જેવો એ દોરીઓ ખેંચીને તેની ઈચ્છા પ્રમાણે આપણને નચાવે છે. વૈશ્વિક ચૈતન્ય પોતાનામાંથી ઘણાં નાટક અને નટ ઉત્પન્ન કરે છે અને તેમનો પાછો લય પણ કરે છે. તમારી ઓળખ ભૂલ્યા સિવાય તમને સોંપેલો ભાગ ભજવો. જો તમે બીજા લોકોની પણ સાચી ઓળખ જાણી શકો તો તમને ખૂબ મજા આવશે. આધ્યાત્મિક જીવન ખૂબ કઠિન છે તેવું વિચારતા નહિ. તે બહુ મજાથી ભરેલું છે.

માટે તમારા મન પર લક્ષ રાખો. તમારા શ્વાસ પર ધ્યાન રાખો, પ્રેક્ષક બનો, જે આ પ્રકારના ધ્યાનમાં ચાવીરૂપ છે. અમુક કાર્યરીતિ વિષે ચિંતા ન કરો. ફક્ત ટટ્ટાર બેસો અને શ્વાસ, મન અને વિચારોનું નિરીક્ષણ કરો. તમારામાં જે કંઈ થતું હોય તેનું નિરીક્ષણ કરો. ફક્ત સાક્ષી બનો. આ ધ્યાનનો અદ્‌ભુત પ્રકાર છે. નિઃસ્તબ્ધ બનો અને તમારા મન અને તમારા શરીરમાં જે કંઈ બને તે પર લક્ષ રાખો. તમે કોઈ મંત્રનું રટણ કરી કે અમુક સમય માટે કોઈ વસ્તુ પર કેન્દ્રિત થઈ શકો છો પણ પછી વિશ્રાંત થાઓ, સ્વસ્થ થઈ બેસો અને મન પર લક્ષ આપો. જે કંઈ શાંત કંપનો આવે તેમનું નિરીક્ષણ કરો. સંપૂર્ણપણે મૌન રહો. તમારા પોતાના મગજનું નિરીક્ષણ કરો. તમે કેટલા શાંત છો તે જુઓ. મન પૂર્ણ આરામમાં હોય તેમ તમને લાગશે. મન લગભગ નિદ્રામાં છે અને છતાં તમે સમગ્ર ઘટનાથી સભાન છો તેમ વિચારો. શરીર આરામ કરે છે. શ્વાસ ખૂબ ધીમો પડી ગયો છે. મન લગભગ નિદ્રાવશ છે પણ તમે દરેક વસ્તુથી સભાન છો.

તેમનાથી કોણ સભાન છે? આ સભાનતા શું છે? આ બધી વસ્તુઓને કોણ જાણે છે? તે તમે છો. તમે તમારા મન તથા તમારા શરીરથી તદ્દન ભિન્ન છો. તમે સાક્ષી છો. તમે એટલે તમારો આત્મા, શુદ્ધ આત્મા શરીર અને મનનો સાક્ષી છે. જો તમે આ સાક્ષીભાવ સતત રાખી શકો તો તમે આત્મસભાનતા કે આત્મસાક્ષાત્કારને પ્રાપ્ત કર્યાં છે તેમ કહી શકાય. તમારી દરરોજની પ્રવૃત્તિઓ દરમિયાન પણ આ સભાનતા રાખો.જ્યારે તમે જમતા હો ત્યારે પણ આ સભાનતા રાખો. જ્યારે તમે જમતા હો ત્યારે પણ તમે સાક્ષીભાવ રાખી શકોઃ ''હું હવે ખોરાક લઉં છું, ખોરાકને ચાવું છું, ખોરાકના સ્વાદને માણું છું.'' તમે સતત પરમ શાંતિને માણી શકશો. આ અભ્યાસ દ્વારા તમે તમારા પોતાના શરીર અને મનના સ્વામી બનો છો. તમે સ્વસ્થ ઋષિની માફક બહાર આવશો.

તમે કોણ છો તે શોધી કાઢો. એક વાર તમે કોણ છો તે જાણી લો પછી તમે બધાંને માટે શાંતિ અને સંવાદિતા અર્પતા શ્રેષ્ઠ સાધન બની જશો. છેલ્લે તમને જણાશે કે તમે ઉપર જતી અને નીચે આવતી એવી કોઈ વ્યક્તિ નથી પણ તમે શાશ્વત અસ્તિત્વ, સમાન ઈશ્વરની પ્રતિકૃતિ છો.

હું તમને કંઈ સમજાવી શક્યો છું કે કેમ તેની મને ખબર નથી. હું જે કંઈ જાણું છું તે એટલું જ છે કે હું મારી જાતને સદા સરળ અને શાંત અનુભવું છું. હું કદી નિરુત્સાહી કે આવેશમય થતો નથી. કોઈ ચિંતા નથી. મારી આ સંપત્તિ છે. પછી બીજી શાની જરૂર છે ? બધી વસ્તુઓ કુદરતના ભાગરૂપ છે. કુદરત કંઈ પણ અને બધું જ કરી શકે છે અને મન અને શરીર પણ કુદરતના ભાગ છે. કુદરત બદલાય છે એટલે તે પણ સતત બદલાતાં રહેવાં જોઈએ. તેમને તેમનો ભાગ ભજવવા દો. તમે તો સાક્ષી શાશ્વત સાક્ષી - બનો.

તેનો અર્થ એવો નથી કે તમે લોકો માટે નિરુપયોગી છો. તમે જોશો કે તમે જે કંઈ કરશો તે પૂર્ણ રીતે કરશો; કારણ કે તમે સુંદર સાધન બન્યા છો અને દરેક વસ્તુને તમારા તરફ આવવાની ઈચ્છા છે. તમે તેમનો ઉપયોગ કરો તેવી ઈચ્છા છે અને તમારો ઉપયોગ કરવાની પણ ઈચ્છા છે. તમે હંમેશાં નિષ્પક્ષ રીતે વર્તો છો. તમે સમગ્ર રીતે તટસ્થ વ્યક્તિ બની ગયા છો. તટસ્થતા એ ઈશ્વરનું કેન્દ્ર, કુદરતનું કેન્દ્ર છે. તેમાંથી જરૂરિયાત પ્રમાણે તમે કેન્દ્રને ચૂક્યા વગર આ બાજુ કે પેલી બાજુ જઈ શકો છો.

☐ 'આતમની ઓળખ'માંથી સાભાર

આત્મનિર્ભરતા

- શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી

પોતાના પગ ઉપર ઊભા રહો, આત્મશ્રદ્ધાથી આત્મનિર્ભરતા પ્રાપ્ત થાય છે. આત્મનિર્ભરતા એટલે બીજા પર આધારિત થઈને નહીં પણ પોતાની જ આંતરશક્તિઓ દ્વારા વિકાસ કરવો. ભાગ્યના ભરોસે બેસી રહેનારાં ભાઈ-બહેનોને આળસ ખંખેરી ઊભાં થઈ પુરુષાર્થમાં લાગી જવા માટે સ્વામીજી હાકલ કરે છે. જ્યોતિષવિદ્યા, રહસ્યવિદ્યા અને આવા બધા સફળતાના સસ્તા માર્ગોમાં અટવાઈને અમૂલ્ય જીવન બરબાદ કરનારાઓને સ્વામીજી આહ્વાન કરીને કહે છે; 'તમારા પગ ઉપર ઊભા રહો અને બધી જવાબદારીઓ પોતાના માથે લો. કહો કે જે આ હું દુઃખ ભોગવું છું તે મારી પોતાની કરણીનું જ ફળ છે અને એ હકીકત પોતે જ બતાવે છે કે એનો ઉપાય મારે એકલાએ જ કરવો પડશે - માટે ઊભા થાઓ. હિંમતવાન બનો, તાકાતવાન થાઓ. બધી જવાબદારીઓ પોતાના શિરે ઓઢી લો અને જાણી લો કે તમારા નસીબના ઘડવૈયા તમે પોતે જ છો. જે કંઈ શક્તિ અને સહાય તમારે જોઈએ તે તમારી અંદર જ છે.' સ્વામીજીનો આ સંદેશ કર્મના સિદ્ધાંત પર આધારિત છે - જેવું વાવશો - તેવું લણશો.'

પ્રત્યેક મનુષ્ય માટે કર્મનો સિદ્ધાંત અફર છે. જેમ ભૌતિક જગતમાં સ્થૂળ પદાર્થોની બાબતમાં ગુરુત્વાકર્ષણનો નિયમ પ્રવર્તે છે કે ઉપરથી ફેંકવામાં આવેલો પદાર્થ વચ્ચે કોઈ અવરોધ ન આવે તો નીચે જ પડે છે એ જ રીતે માનસિક જગતનો નિયમ એ છે કે 'જેવું કર્મ કરો તેવાં ફળ પામો'. કોઈ આ નિયમ સ્વીકારે કે ન સ્વીકારે પણ તેની સચ્ચાઈમાં કંઈ ફેર પડતો નથી. સારાં કર્મ કરનારને સારું ફળ મળે અને ખરાબ કર્મ કરનારને ખરાબ ફળ અવશ્ય મળે છે. એમાં લાંચ આપીને કોઈ છટકી શક્તું નથી. દરેકે પોતાનાં સારાં-માઠાં કર્મના ફળ ભોગવવા જ પડે છે પણ તે ફળ ક્યારે મળશે તે નિશ્ચિત હોતું નથી. આથી વર્તમાનમાં મનુષ્ય દુઃખ ભોગવતો હોય તો તેના માટે બીજું કોઈ જવાબદાર નથી, પણ એના ભૂતકાળનાં કર્મ જ જવાબદાર હોય છે. આમ, બીજા ઉપર દોષનો ટોપલો ઢોળ્યા વગર મનુષ્યે હિંમતપૂર્વક પોતાનાં દુઃખોનો સામનો કરવો જોઈએ. બીજું કે જો વર્તમાન પરિસ્થિતિ માટે એના ભૂતકાળનાં કર્મ જવાબદાર હોય તો તેના ભવિષ્યની સ્થિતિ માટે તેનાં વર્તમાનનાં કર્મો જવાબદાર બનશે. આથી મનુષ્યે પોતાનાં વર્તમાન કર્મ પ્રત્યે સજાગ બનીને એવાં કાર્ય કરવાં જોઈએ કે જેના દ્વારા તેનું ભવિષ્ય ઉજ્જ્વળ બને. વર્તમાનમાં કરેલા પુરુષાર્થથી જ ભાવિ ઘડાયું હોય છે. આથી જ સ્વામીજી કહે છે કે 'તમારા ભાગ્યના નિર્માતા તમે પોતે જ છો.' 'ભાગ્યના આધારે બેસી રહેનારાઓ જીવનમાં ક્યારેય આગળ વધી શકતા નથી. સંસ્કૃતના એક સુભાષિતમાં કહેવાયું છે કે, 'બેઠેલાનું ભાગ્ય બેઠું રહે છે, સૂતેલાનું ભાગ્ય સૂતું રહે છે અને ચાલનારાઓનું ભાગ્ય ચાલતું રહે છે.' માટે ચાલતા રહો. ચાલતા રહો.''

સ્વામીજીને યુવાનો નસીબની-પ્રારબ્ધની વાતો કરે, જ્યોતિષીઓ પાછળ દોડે તે બિલકુલ પસંદ ન હતું. તેઓ કહેતા, ''પ્રારબ્ધ બળવાન છે, એવું કાયર કહે છે પણ શક્તિશાળી માણસ તો ખડો થઈને કહે છે, 'મારું ભાગ્ય હું પોતે ઘડી કાઢીશ.' જેઓ ઘરડા થતા જાય છે એવા માણસો જ ભાગ્યની વાતો કહે છે, જુવાન માણસો સામાન્ય રીતે ભાગ્ય જોવાવાળાઓની પાસે જતા નથી.''

સ્વામી વિવેકાનંદે પોતે અનેક મુશ્કેલીઓ સહી હતી. જ્યારે તેઓ અમેરિકાની વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા ગયા ત્યારે એવી વિકટ

અનુસંધાન પાન નં. ૨૬

પશ્ચિમ ગોળાર્ધમાં

- ડૉ. શ્રી શરદચંદ્ર બેહરા

સ્વામીજી જ્યારે પોતે નિર્વિકલ્પ સમાધિમાં હંમેશાં માટે ઊતરી જઈ પોતાનો ઐહિક દેહ ફેંકી દેવા તત્પર થયા હતા ત્યારે ફરી પાછી ઈશ્વરેચ્છા એમને લોકસંગ્રહના કાર્ય માટે નીચે લઈ આવી. પૂજ્યપાદ ગુરુ શિવાનંદના સત્સંકલ્પના માધ્યમ દ્વારા પ્રગટ થઈને ઈશ્વરેચ્છા માનવતાના આધ્યાત્મિક ઉત્થાન માટે એમને ફરી પાછા પાર્થિવ સ્તર પર લઈ આવી. પ્રભુની આજ્ઞા શિરોધાર્ય ગણી સ્વામીજી હિમાલયની ઊંચી ઉત્તુંગતા ઉપરથી ૧૯૫૮ના ડિસેમ્બરમાં ગુરુદેવને મળવા નીચે આવી પહોંચ્યા. એમનો વિરલ દૈવી તેજથી ઝળહળતો ચહેરો જોઈ ગુરુદેવ અત્યંત પ્રસન્ન થઈ ગયા. એમને થયું કે પશ્ચિમી જગતના જીવનસાધકોને જ્ઞાન આપવા પોતાના પ્રતિનિધિ તરીકે હવે આવા તેજસ્વી આત્માને મોકલવો જોઈએ. તેમ છતાંય સ્વામીજી ફરી પાછા એક વાર આંતરિક સમાધિમાં ડૂબી જવા માટે ઉત્તર કાશી જવા તલસતા હતા, પરંતુ અમેરિકાના ભક્તોની વિનવણીઓના દબાણ હેઠળ પૂજ્ય ગુરુદેવે સ્વામીજીને યોગ અને વેદાંતનો સંદેશો લઈને નવા જગતના લોકો પાસે પહોંચવા કહ્યું. એટલે પછી ગુરુદેવની આજ્ઞાને આધીન થઈ શાંત સ્થિર નિઃસ્પૃહ હિમાલય પ્રદેશને છોડી તેઓ અમેરિકાનાં ખળભળી ઊઠેલાં, બેચેન, પચરંગી મહાનગરો તરફ વળ્યા. સ્વામીજીની પશ્ચિમ ગોળાર્ધની યાત્રા મધ્ય યુરોપ થઈને ઈંગ્લેન્ડ તથા ઉત્તર-દક્ષિણ અમેરિકા સુધી વિસ્તરી. તેઓ જ્યાં જ્યાં પહોંચ્યા ત્યાં એમની મુલાકાત એક અદ્વિતીય અને ભવ્ય પ્રસંગ તરીકે બિરદાવાઈ. ૧૯૫૯ના નવેમ્બરથી ૧૯૬૧ના ડિસેમ્બર સુધી એમણે પશ્ચિમી ગોળાર્ધમાં યાત્રા કરી અને પોતાના જિજ્ઞાસુ શ્રોતાગણના ચિત્ત પર એક ઊંડો પ્રભાવ પાડ્યો. અમેરિકનોની નજરે તેઓ ભારતમાંથી આવેલા એક સૌથી વધુ સમર્થ યોગી તરીકે પંકાયા કે જેઓ બૌદ્ધિક અને આધ્યાત્મિક સિદ્ધિને વરેલા હતા એટલું જ નહીં, પાશ્ચાત્ય મનનું પણ પ્રખર પરિવર્તન લાવવામાં સફળ થયા હતા. દિવ્ય જીવનનો સંદેશો એમણે અનેક ઘર, સંસ્થા તથા નગરો સુધી પહોંચાડ્યો અને છેવટ સુધી પોતે એક ભારતીય સંન્યાસીની આચારસંહિતાને પાળતા રહ્યા. ભૌતિકતાવાદી પશ્ચિમનાં અસંખ્ય સ્થળોનો આધ્યાત્મિક દિગ્વિજય લેખી શકાય તેવી સિદ્ધિ પ્રાપ્ત કરીને તેઓ ૧૯૬૨ના જાન્યુઆરીમાં ભારત પાછા ફર્યા અને તરત જ પોતાના પૂજ્ય ગુરુદેવનાં ચરણોમાં પ્રણિપાત અર્પણ કરવા પહોંચી ગયા.

અજ્ઞાત સંચાર

લગભગ બે વર્ષ માટે સ્વામીજીને પશ્ચિમી જગતના આત્યંતિક સ્વરૂપના ભોગવાદી રાજસિક ઝંઝાવાત વચ્ચે ગળાડૂબ રહેવું પડ્યું હતું. એમણે પોતે જ કહ્યું કે, 'લોકોનાં ટોળાં વચ્ચે ઘૂમતો અને સતત વાતો જ વાતો કર્યે જતો, ચારે કોર ધાંધલ, અવાજ અને જાણે ઉતાવળ ઉતાવળ ! શાંતિ માટે તરફડતા જીવની જેમ હું અહીં આવ્યો.' અમેરિકાના નવા જગતથી પાછા ફરીને તરત જ અરણ્યનાં વૃક્ષોનો તીવ્ર આર્તનાદ સંભળાયો અને આંતરિક મૌન તથા વિશ્રામ માટેનો તલસાટ જાગી ઊઠ્યો. એટલે એમણે ગુરુદેવને આશ્રમી જીવનથી દૂર એવું એકાકી પરિવ્રાજકનું જીવન જીવવા માટે પરવાનગી આપવા વીનવ્યા. નિતાંત એકાંત માટે જાણે એ વલવલતા હતા. કોઈ અજાણ્યા સ્થળે પહોંચી જઈને પ્રભુમાં તદ્રૂપ થઈ જઈને પોતાની બાહ્ય ઓળખને સાવ તજી દઈ ભૌતિક અંચળાને પણ ફેંકી દેવા જ જાણે એ ઝંખતા હતા. ગુરુદેવ માટે સંમતિ આપવી દુષ્કર હતી, પરંતુ સ્વામીજીની વિનંતી એટલી આર્ત હતી અને અવધૂતનું જીવન જીવવાની એમની ઉત્કટતા એટલી

તીવ્ર હતી કે ગુરુદેવને ના કહેવાની ઈચ્છા ના થઈ. જોકે એમને પોતાના પ્રિય શિષ્યને પશ્ચિમના શ્રમિત પ્રવાસનાં લાંબા બે વર્ષ ગાળ્યા બાદ તરત જ આવા ભટકતા સાધુની કઠોર જિંદગી જીવવા દેવા રજા આપવાની ઈચ્છા નહોતી.

૧૯૬૨ના એપ્રિલમાં એમણે દક્ષિણની યાત્રા માટે આશ્રમ છોડ્યો. એમના કહેવા મુજબ આ યાત્રા પાશ્ચાત્ય વાતાવરણમાં મન પર કોઈ માઠી અસર પડી ગઈ હોય તો તેને નિવારવા માટેની યાત્રા હતી. અલબત્ત, તેઓ પોતે તો નિતાંત શુદ્ધ અને નિષ્કલંક હતા. પરંતુ અગાઉની જેમ જ દઢતાપૂર્વક તેઓ માનતા કે આંતરિક શુદ્ધિની કોઈ મર્યાદા નથી. પશ્ચિમમાં ભૌતિકતાવાદી વાતાવરણમાં ખાસ્સો લાંબો સમય વિતાવવો પડ્યો એટલે અજાણપણે કોઈ રજસતત્ત્વ પોતાના ચિત્તમાં ઘૂસી ગયું હોય તો તેને ધોઈ નાખવા માટે એમણે સ્વેચ્છાપૂર્વક તપ આદર્યું. મનની સંતુષ્ટિની વિરોધમાં ઊભા રહીને, અખંડ સાવધાની તથા તત્પરતા દાખવીને એમણે કષ્ટદાયક જીવન શરૂ કર્યું અને એ રીતે પોતાની જાતને તપના અગ્નિમાં ફેંકી દઈ કસોટીએ ચડાવી. સ્વામી કૃષ્ણાનંદના શબ્દોમાં આ અગ્નિસ્નાનમાંથી 'તેઓ પવિત્ર ભારતવર્ષના આદર્શ સંન્યાસીઓની પરંપરાના એક ઉમદા વારસદાર' તરીકે બહાર આવ્યા.

સ્વામીજીએ લોકોથી સાવ દૂર અજ્ઞાતપણે રહી કશો જ કાર્યક્રમ અગાઉથી નક્કી કર્યા સિવાય પારિવ્રાજિક જીવન વિતાવવાનું નક્કી કર્યું હતું, પરંતુ એ જ વખતે ડૉ. બી. જી. અધ્વર્યુએ ભારપૂર્વક વિનંતી કરી હતી કે સ્વામીજી દિવ્ય જીવન સંઘની રાજકોટ શાખામાં ગોઠવેલી ગીતા-પ્રવચન-વ્યાખ્યાનમાળામાં પધારે. સ્વામીજીએ આ ડોક્ટર સાહેબને કદીય નિરાશ કરેલા નહીં. એમણે આ પત્ર ગુરુદેવને દેખાડ્યો, જેના જવાબમાં ગુરુદેવે ભારપૂર્વક કહ્યું કે અધ્વર્યુ સાહેબને નિરાશ ન કરવા. આવા સંજોગોમાં એકદમ અજ્ઞાત સંચારમાં કૂદકો ન મારતાં તેઓ ગુજરાત તરફ ગયા. ત્યાંના ત્રણ અઠવાડિયાંના નિવાસ દરમિયાન રાજકોટ અને વીરનગરમાં અનેક પ્રવચનો આપ્યાં. વીરનગરથી તેઓ એક ભૂતકાળનું વચન પાળવા મુંબઈ પહોંચ્યા. જ્યારે તેઓ કેલિફોર્નિયા હતા ત્યારે પોતાના એક ભક્તને મુંબઈ આવવા વચન આપેલું. એ વચનને પાર પાડવા તેઓ થોડા દિવસ મુંબઈ રોકાયા.

ત્યાર પછી ભારતના પ્રવેશદ્વાર - મુંબઈમાંથી તેઓ બહાર નીકળી પડ્યા તે એક અજ્ઞાત સંચારરૂપે એકાકી પરિવ્રાજક બનીને. તેઓ ક્યાં હશે તેની આશ્રમમાં કશી જ ખબર ના મળે, ન તો દેશભરના એમના કોઈ ભક્તને ખબર કે તેઓ ક્યાં હશે. ભારતની પવિત્ર ભૂમિમાં તેઓ સૌથી અજાણ થઈને અપૂર્વ આનંદથી ભરપૂર અને આખો વખત દિવ્ય ચેતનામાં ડૂબેલા રહેતા. યાત્રામાં હોય કે કોઈ એક સ્થળે પણ રોજ લોકો પાસેથી માધુકરી મેળવીને સાદાઈ તથા સ્વૈચ્છિક મુશ્કેલીઓનું જીવન ગાળતા આંતરિક આનંદની સ્થિર સ્થિતિમાં રહેતા હતા. આમ તો તેઓ ના ઈચ્છત તો તેમનો આ અજ્ઞાત સંચાર અજ્ઞાત જ રહેત, પરંતુ આ પુસ્તકના લેખકે તેમને ખૂબ આગ્રહપૂર્વક પ્રાર્થના કરી કે તેઓ પોતાના અજ્ઞાત સંચારના અનુભવો કહેશે તો એવા ઘણા સાધકોને મદદ મળશે, જેઓ પરિવ્રાજક બનીને અજ્ઞાતમાં રહેવા માગે છે. એ ભાગ્યશાળી વર્ષનો સ્વામીજીને મળેલો સઘળો અનુભવ જાણીને અહીં વિગતે આપવો તે તો શક્ય નથી. ફક્ત એની આછી રૂપરેખા આવતા અંકમાં પ્રસ્તુત કરીશું.

☐ **'કરુણા સાગર ચિદાનંદ'માંથી સાભાર**

પ્રેમની સુવાસ

''અરે સાંભળો છો?'' પત્ની બોલી.

મેં ..હસતા..હસતા..કીધું..'કેમ શંકા છે?...હજુ કાન સારા છે, બોલ જે બોલવું હોય તે....'

પત્ની નજીક આવી. ''આજે તમારી પાસબુક ઘણા વખતે બેંકમાં ભરાવવા ગઈ હતી... તમારા પેન્શન એકાઉન્ટથી આપણો રોજિંદો વ્યવહાર ચાલતો હોવાથી આ સેવિંગ્સ ની પાસબુક ઉપર મારું ધ્યાન ન હતું... પણ છેલ્લા એક વર્ષથી તમારા ખાતામાં કોઈ ૧૫૦૦૦ રૂપિયા જમા કરાવે છે.. તપાસ કરો, આ એકાઉન્ટ કોનું છે...?''

મેં ગંભીરતાથી.. પાસબુક હાથમાં લીધી.. ચશ્મા પહેરી ઝીણી આંખ કરીને પાસબુકની એક..એક એન્ટ્રી ચેક કરી...વાત તો સાચી..હતી પત્નીની. મને ખ્યાલ આવી ગયો.....આ વ્યક્તિ કોણ છે. મેં પત્નીને કીધું.. તને તપાસ કરી જણાવીશ.

વહેલી સવારે મારા રૂમનાં બારણાં ખોલી નાખવાની મારી આદત છે.. હું આંખ બંધ કરી મારા રૂમની અંદર સૂતો હતો..મનથી ભગવાનનો ઉપકાર માનતો હતો...હે પ્રભુ તારો આભાર... જિંદગીમાં તેં મને માન-સન્માન અને સ્વમાન સચવાય તેટલું આપી દીધું.. સાથે-સાથે પરિવાર પણ પ્રેમાળ અને સમજુ આપ્યો.. ખૂબ..ખૂબ આભાર પ્રભુ તારો..મારું નિવૃત્ત જીવન તેં સુધારી દીધું... ત્યાં મારા રૂમની અંદર મારો પુત્ર આવ્યો....તેણે ધીરેથી મારું પાકીટ ઉઠાવ્યું...હું ..ઝીણી આંખે જોઈ રહ્યો હતો...જે મને શંકા કાલે ગઈ હતી તે સાચી..પડવાની તૈયારી હતી.... પુત્રે મારું પાકીટ ખોલ્યું..અને તેમાં રૂપિયાની નોટો મૂકતો દેખાયો...મેં એક હાથે લાઈટ ચાલુ કરી..અને બીજા હાથે પુત્રનો હાથ પકડ્યો... પુત્ર સ્તબ્ધ થઈ ગયો. 'પપ્પા આ શું કરો છો?'

મારી બાજુમાં સૂતેલ પત્નીને બુમ મારી..'કાવ્યા જાગ...આ આપણો પુત્ર મારું પાકીટ...'

પુત્ર ના ખભે હાથ મૂકી હું બોલ્યો, 'બેટા મારી શંકા સાચી નીકળી..આ તું શું કરી રહ્યો છે, બેટા?'

પત્ની પુત્ર સામે જોઈ બોલી, 'બેટા.. શું છે આ બધું?'

મેં કીધું, ''તું પૂછતી હતી ને મારી પાસબુકમાં દર મહિને રૂપિયા ૧૫૦૦૦ કોણ જમા કરાવે છે...એ આ આપણો પુત્ર કરાવે છે... મારા પાકીટમાં દર મહિને રૂપિયા ૫૦૦૦ હાથ ખર્ચીના પણ આ જ મૂકતો હતો...મને એમ કે તું પેન્શન ઉપાડીને વધતા રૂપિયા મારા પાકીટમાં મૂકે છે...'' પુત્ર...આંખમાં પાણી સાથે બોલ્યો... 'મેં કાંઈ ખોટું કર્યું છે ? પપ્પા...' 'ના બેટા... મારી. પાસે...કહેવા માટે કોઈ શબ્દો નથી...એક પુત્ર તરીકેની ફરજ તું ચૂક્યો નથી તેનો આનંદ છે... મા-બાપની તો ફરજ છે.. બાળકોની જરૂરિયાતો પૂરી કરવાની..પણ જ્યારે સંતાનો મોટાં થઈ તેમની ફરજ કીધા વગર સમજી જાય ત્યારે...મા બાપની જિંદગીનો..બાળકો પાછળ કરેલ મહેનત અને ખર્ચનો થાક લગભગ ઊતરી જાય..છે...'

'ઘડપણની જરૂરિયાત કેટલી? સ્વમાનનો ઓટલો અને રોટલો...મધ્યમ વર્ગ વારસામાં સંસ્કાર સિવાય શું આપી શકે..બેટા' 'પપ્પા..તમારા ઉપકાર અને લાગણીઓ સામે આ રૂપિયાની કોઈ કિંમત નથી..' પુત્ર બોલ્યો ' હું કોલેજ માં આવ્યો ત્યારથી નોકરીએ લાગ્યો ત્યાં સુધી.. મારું પાકીટ ચેક કરી તમે મારી જાણ બહાર રૂપિયા મૂકી દેતા હતા...મારે કોઈ દિવસ તમને કહેવું નથી પડ્યું..પપ્પા રૂપિયા વપરાઈ

ગયા છે. હાથખર્ચી..આપો... એવું પણ બની શકે..કદાચ. તમારા ખર્ચ કે મોજશોખ ઉપર કાપ મૂકી તમે મારી જિંદગી ને એવી સુંદર રીતે શણગારી છે..કે આજે હું..ઉચ્ચ હોદ્દા અને પગારને લાયક બન્યો છું.. અને જેના સાચા હકદાર તમે અને મમ્મી છો... હજુ પપ્પા આ તો મારી શરૂઆત છે. મારી પ્રગતિની સાથે-સાથે પાસબુક નો ગ્રાફ પણ ઉંચો જશે અને પાકીટ પણ તમારે નવું લેવું પડશે....પુત્ર હસી પડ્યો..

મેં ધીરેથી કીધું 'બેટા...તેં પણ હવે પરિવાર માંડ્યો છે.. તારી પણ જરૂરિયાતો દિવસે..દિવસે વધશે... અમારે જરૂર..નથી..તું આનંદ કર અમને જરૂર પડશે ત્યારે તને કહીશું...હવેથી રૂપિયા જમા કરાવવાના બંધ કર...'

'પપ્પા..૨૫ વર્ષ સુધી તમે મારી કેરિયર બનાવી...જ્યારે ઉચ્ચ પગાર મેળવવાનો હકદાર થાઉં ત્યારે હું..તમારી સામે જોવાનું ભૂલી જાઉં તો મારા જેવો નાલાયક છોકરો કોણ હોય? બચપનમાં મારો હક હતો.. તમારી ફરજ હતી. સમય-સંજોગો બદલાયા છે.. પપ્પા..આજે મારી ફરજ છે. તમારો હક છે...મા બાપનું સર્જન એ નિ:સ્વાર્થ ભાવનાઓથી કંડારેલ એક મૂર્તિ બરાબર છે. કદાચ ભગવાનથી પણ ઉચ્ચ સ્થાન તેમનું એટલા માટે છે. આપણે ભગવાનનો જોયા નથી અનુભવ્યા નથી..પણ મા બાપના પ્રેમનો અનુભવ આપણે મિનિટે મિનિટે કરતાં રહીએ છીએ...'

પુત્રના માથે હાથ ફેરવી હું બોલ્યો.. 'બેટા..ખૂબ ખૂબ પ્રગતિ કર..તારી ભાવના અને લાગણીની હું કદર કરું છું...ભગવાને અમારા બંનેની સ્વમાન સાથે બધી જરૂરિયાતો પૂરી થાય તેટલું આપ્યું છે.. એટલે..આજ પછી મારા પાકીટને અડવાનું બંધ અને પાસબુકમાં રૂપિયા પણ જમા કરવાનું પણ બંધ..સમજ્યો..'

'ના પપ્પા... મારા વિચારો મુજબ સાચા ભગવાન આપણા ઘરમાં બેઠાં હોય છે. મારી નજરમાં ઘર એ જ મંદિર છે અને એ મંદિરમાં તમે બન્ને મારા જાગતા ભગવાન સ્વરૂપ છો... મા બાપ ખુશ તો ભગવાન પણ ખુશ..'

પુત્ર હાથ જોડી ઊભો થયો.. અને બોલ્યો... 'અમારાથી જાણતાં-અજાણતાં વાણી-વર્તન કે વ્યવહારમાં કોઈ વખત પણ ભૂલ થઈ જાય તો બાળક સમજી માફ કરજો.. એટલી ફક્ત વિનંતી કરું છું...' આટલું બોલી પુત્ર ફરી તેના રૂમ તરફ આગળ વધ્યો:

મારા રૂમમાં રાખેલ ભગવાનની મૂર્તિ સામે જોઈ..હું બોલ્યો: 'હે પ્રભુ...તારો ખૂબ આભાર.. સંતાન સમજુ નીકળે ત્યારે પણ ભગવાનની કૃપા સમજી લેજો. બધાંના નસીબમાં આવા સંતાનસુખ લખેલ નથી હોતાં.' (સંકલિત)

જીવન સરળ રેખા નથી. આરોહ અવરોહ તો આવવાના જ. આઘાત લાગે ત્યારે વિચલિત ન થશો. આ જગત પાસેથી પ્રેમ કે સહાનુભૂતિની આશા રાખશો નહીં. જગત દંભી અને સ્વાર્થી છે; તે તેવું જ રહેશે. ઈશ્વર એક માત્ર સત્ય છે. પ્રભુનામ સ્મરણનો આશ્રય લેશો. શાંતિ માટેનો આ એક જ રાજમાર્ગ છે.

- સ્વામી અધ્યાત્માનંદ

ગીતા ગ્રંથ વૈશ્વિક સંપદા

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

ચાઈનામાં એપલ કંપનીએ નવો આઈફોન બજારમાં મૂક્યો તેની પૂર્વસંધ્યાએ લાખો લોકો લાઈનમાં ઊભા રહ્યા. જર્મનીમાં રેલવેના કર્મચારીઓએ હડતાળ પાડી ત્યારે જર્મન નાગરિકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા. ભૂકંપ પછી જાપાનમાં પીવાના પાણીની તંગી હતી. આ પીવાનું પાણી મેળવવા જાપાનમાં માઈલો લાંબી લાઇનો સર્પાકાર ગતિએ પાણીની પ્રતીક્ષા માટે જોવા મળી. સાઉથ કોરિયાનાં રેલવે સ્ટેશનો ખાતે ટિકિટો મેળવવા માટેની લાંબી લાઈનોએ ટ્રાફિક જામ કર્યો. 'લૌઅરે' મ્યુઝિયમ જોવા માટે પેરિસની લાંબી લાઈનો અજાણી નથી. ફ્રાન્સ કે રોમ ઈટાલીના સેન્ટ પીટર બેસીલોનમાં પ્રવેશ મેળવવા લોકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહે છે. પોતાનો દૈનિક ખોરાક મેળવવા માટે કેન્યાના રેફ્યુજીઓની દરરોજ લાઈનમાં ઊભા રહેવાની વેદના આપણે કદીએ સમજી શકીશું નહીં અને આ જ પરિસ્થિતિ સિરિયાની પણ ખરી જ. અમેરિકા આ લાઈનોની સમસ્યાથી મુક્ત નથી. હજુ તાજેતરમાં નવેમ્બરના છેલ્લા ગુરુવારથી રવિવાર સુધી ૨૪ થી૨૭ તારીખ 'થેન્ક્સ ગીવિંગ'ના તેમના ફેમિલી યુનિયનના પર્વ માટે 'બા સેલ' ખરીદવા માટે લોકો અકલ્પ્ય રીતે લાઈનોમાં શાંતિથી ઊભા રહ્યાં અને દર વર્ષે ઊભા રહે છે.

ત્યારે ભારતમાં પણ રિલાયન્સ કંપનીએ 'ફ્રી' સીમ આપવાની જાહેરાત કરતાં લોકોએ લાંબી લાંબી માનવ શૃંખલા સર્જી. શ્રીશ્રીશ્રી તિરુમલા તિરુપતિ બાલાજીની એક પલક માત્ર ઝાંખી કરવા ટિકિટ વગરના ભક્તો ૧૮થી ૨૨ કલાક લાઈનમાં ઊભા રહ્યાના દાખલા હવે રોજના થયા છે, તો ચેન્નાઈ ખાતે નવી ફિલ્મ રિલીઝ થાય ત્યારે 'રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી'થી જ રસિયાઓ લાંબી લાઈન લગાવે છે અને હવે સરકારીતંત્ર દ્વારા કાળા ધન ઉપર પ્રતિબંધ લદાતાં નાના-મોટા સૌ લાઈનબંધ કલાકો માટે કાળાને ધોળું કરવા ઊભાં રહ્યાં સંભળાયાં છે. જ્યારે ગીતા તો કાળા મનને ધોળું કરવાનો ગ્રંથ છે.

કાળા મનની સમસ્યા ભારતની જ નથી. સમસ્યા સમગ્ર વિશ્વની છે. સમસ્યા માત્ર લાઈનોની જ નથી, સમસ્યા સત્તા, સંપત્તિ અને અહંપોષીની છે. માનવમાત્રનું જીવન સત્ત્વ રજ અને તમસથી નિર્માયેલું છે અને સમગ્ર વિશ્વમાં સત્ત્વ ભાગ્યે જ દર્શન આપે છે, બાકી રજસ અને તમસની ઝંઝા સદૈવ ઊછળતી રહે છે.

આ વિષમ પરિસ્થિતિમાં માનવ પૂર્વનો હોય કે પશ્ચિમનો, માનવે સદા શાંતિ, શાશ્વત આનંદ અને જીવન અભ્યુદય કે ઉત્કર્ષ જ ઈચ્છયો છે. જીવન સમત્વની અભિલાષા, જિજીવિષા સમગ્ર વિશ્વના માનવોની એક જ સરખી છે.

ભારતમાં રાષ્ટ્ર સ્વાતંત્ર્ય માટે ચળવળ પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધી કરે કે અમેરિકામાં રંગભેદના ભેદભાવ દૂર કરી માનવમાત્રને સમાન હક મળે માટે માર્ટિન લ્યૂથર કિંગ ઊહાપોહ કરે, તે બધું સરવાળે સરખું જ છે.

ત્યારે આ કામ-ક્રોધ અને લોભનાં ત્રણ દ્વાર કે જે માનવને આત્મહાનિ પ્રત્યે અગ્રસરે છે, તે શું માત્ર ભારતના નાગરિકોની સમસ્યા છે ? ગીતાનો નાયક અર્જુન તો માત્ર નિમિત્ત છે, પરંતુ તે ઋજુ છે પ્રામાણિક છે. સત્યમાં પ્રતિષ્ઠિત છે અને દંભી નથી. માટે જ કહે છે કે હું ચાહતો ન હોવા છતાં મારી પાસે ખોટું કામ કોણ કરાવે છે ? શ્રીકૃષ્ણનો ઉત્તર સ્પષ્ટ છે. **'કામ એષ ક્રોધ એષ રજોગુણ સમુદ્‌ભવ'** આ કામ અને ક્રોધનું કારણ રજોગુણ છે. જ્યારે ઈદી અમીન કે જે માનવમાંસભક્ષી હતો કે આપણા શ્રીલંકાનો રાજા રાવણ જે બ્રાહ્મણોના રક્તથી ઘડો ભરી અને જનકના રાજ્યમાં દાટી શકે, તે

બંનેની વૃત્તિઓમાં કંઈ ભેદ જણાતો નથી. ગીતામાં આવા લોકોનું વર્ણન છે.

આઢ્યોઽભિજનવાનસ્મિ કોઽન્યોઽસ્તિ સદૃશો મયા।
યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતાઃ॥

(ગીતા : ૧૬:૧૫)

'મારા જેવું કોઈ નથી.' આ અભિમાન દુર્યોધનને હતું તો પ્રેસિડેન્ટ ટ્રમ્પને કંઈ ઓછું છે? 'મામકા પાંડવાશ્ચૈવ' 'મારા અને પાંડુના' એમ કહેનારા ધૃતરાષ્ટ્રને જે પુત્રમોહ હતો તે સિનિયર બુશને જુનિયર બુશ માટે અને પ્રેસિડેન્ટ કેનેડીને શ્રીમતી હિલેરી કેનેડી માટે પણ એટલો જ ભારોભાર મોહ છે.

પાંડવો વનવાસમાં હતા ત્યાં જઈને તેમને ત્રાસ આપવાની વૃત્તિ દુર્યોધન, કર્ણ,દુઃશાસન અને શકુનિની હતી તો ઈઝરાયલ કુવૈતનો નાશ કરવાની વૃત્તિ પ્રેસિડેન્ટ બુશની હતી તો તેની સાથે ટોની બ્લેર પણ એટલી જ રુચિથી જોડાયેલા હતા, પાકિસ્તાન ખંધુ થાય તો ચીનને તેની સાથે જોડાવામાં પોતાની હોશિયારી દેખાય છે.

આમ, આ બધી આધિ-વ્યાધિ અને ઉપાધિ તે આંતરરાષ્ટ્રીય સમસ્યા છે. ગીતાએ આ વૈશ્વિક સમસ્યાના ઉપાયો સૂઝવ્યા છે. અધ્યાય એકથી અર્જુનને ઉપજેલી ડિપ્રેશનની સમસ્યા આજે સમગ્ર વિશ્વનો ભરડો લઈને બેઠેલી છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી અનેક વિસંવાદિત પરિસ્થિતિઓમાં સ્થિતપ્રજ્ઞતાનું પાલન કરે છે તો પ્રેસિડેન્ટ ઓબામાએ પણ પોતાનાં સાસુ-પત્ની અને પુત્રીઓની જેમાં રાષ્ટ્રનું હિત નથી તેવી પ્રવૃતિ સમક્ષ મૌન સેવી તેમને આવી પ્રવૃત્તિઓથી પૃથક્ રાખવાનાં ઠોસ કદમ ઉઠાવ્યાં જ હતાં.દુર્યોધનના દુરાચારથી આપણે અજાણ નથી, તેવું જુનિયર બુશની કન્યાઓ દ્વારા જાહેર ક્ષેત્રમાં કરાયેલા ઉત્પાતથી આપણે ક્યાં અજાણ્યા છીએ?

કામ-ક્રોધ, લોભ-મોહ, મદ અને મત્સર માનવમાત્રના જીવનની નબળાઈ રહેલ છે.

માટે જ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિભાગ યોગના આદેશ...

અમાનિત્વમદમ્ભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્।
આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ।

અને

અસક્તિરનભિષ્વંગઃ પુત્રદારગૃહાદિષુ।
નિત્યં ચ સમચિત્તત્વમિષ્ટાનિષ્ટોપપત્તિષુ॥

અને આગળ ઉપર સોળમા અધ્યાયમાં દૈવાસુર સંપદ વિભાગયોગમાં વર્ણવેલ દૈવી ગુણોના ગુણાકાર વિશ્વના પ્રત્યેક માનવમાત્ર માટે પ્રકાશપથ દોરી આપે છે.

ગીતાએ તેના એક પણ શ્લોક કે અધ્યાયમાં હિન્દુત્વ કે સનાતન ધર્મની હિમાયત કરી નથી. પરંતુ સનાતન સત્યની છડી આલબેલ ઢોલ વગાડીને પોકારી છે. **'સત્યમેવ જયતે નાઽનૃતમ્'** જય સત્યનો જ થશે, અનૃત-અસત્યનો કદીએ નહીં. આ કથન સર્વજનીન છે.

ગીતા કર્મ કરવાની હાકલ કરે છે. પ્રમાદને નકારે છે. ગીતાની ભક્તિ તિલક, ત્રિપુંડ કે શિખા સૂત્ર નથી. **અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ** (ગીતા : ૧૨ : ૧૩) છે. કોઈ સાથે દ્વેષ ન કરો. સૌ સાથે મૈત્રી રાખો. દુઃખી લોકો પ્રત્યે કરુણા દાખવો. મોહ અને અહંકારનો ત્યાગ કરો. સુખ અને દુઃખ તો તડકા-છાંયા જેવાં છે, તેથી અકળાઈ ન જાવ. સંતોષી બનો. દઢ સંકલ્પવાન બનો. લોકોના વ્યવહારમાં સમત્વ કેળવો. લોકો પાસે કોઈ અપેક્ષા ન રાખો. બહુ આનંદિત કે દુઃખી ન થઈ જાઓ. ગીતા સ્પષ્ટપણે કહે છે કે ભાવુકતા કે લાગણી-વિવશતા એ ભક્તિ નથી. શત્રુ પ્રત્યે મિત્રભાવ અને અપમાન અને માનની ભાવનામાં સમત્વ કેળવો. પ્રશંસા અને નિંદામાં વિચલિત ન થાઓ. આમ ગીતા માનવમાત્રનાં જીવનને વાસ્તવિક માનવજીવન જીવવા માટેનો રાજમાર્ગ બતાવે છે. ગીતા જયંતીઓ આવશે અને જશે. આપણે પણ ગીતા પ્રદર્શિત માર્ગના યાત્રી બની માનવજીવન સાર્થક કરીએ.

- 'સાધના'ના સૌજન્યથી

ગીતા સંદેશ

શ્રીમતી રૂપા મજમુદાર

હિન્દુ પંચાંગ પ્રમાણે માર્ગશીર્ષ માસના શુક્લ પક્ષની એકાદશીનો દિવસ સમગ્ર ભારતવર્ષમાં 'ગીતાજયંતી' તરીકે ઊજવાય છે. આ દિવસે શ્રીકૃષ્ણ પરમાત્માએ તેમના શિષ્ય અર્જુનને આ દિવ્ય જ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો. પરમાત્માએ અર્જુનને નિમિત્ત બનાવી સમસ્ત વિશ્વ સમક્ષ આ દુર્લભ જ્ઞાન વહેતું મૂક્યું છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા સર્વ યુગો માટે અપ્રતિમ ગ્રંથ છે. અન્ય બધાં જ પુસ્તકોનો આધારસ્તંભ છે. એક વખત એક અન્ય ધર્મના યુવકે સ્વામી વિવેકાનંદજીને મજાકમાં કહ્યું, 'આ જુઓ ! બધા જ ધર્મના પુસ્તકના ઢગલામાં તમારી ગીતા છેક નીચે છે.' સ્વામીજીએ ખૂબ શાંતિથી જવાબ આપ્યો, 'એ નીચે છે, માટે જ બધાં પુસ્તક ટકી રહ્યાં છે.'

શ્રીમદ્ ભગવદ્ગીતા શ્રીકૃષ્ણ પરમાત્માના મુખારવિંદમાંથી નીસરેલી વાણી છે. એ એક એવું અનુપમ શાસ્ત્ર છે, જેના દરેક શબ્દમાં ગૂઢ અર્થ સમાયેલો છે અને સદુપદેશ છે, જેના દરેક શ્લોકનું એકાગ્રચિત્ત થઈને શ્રદ્ધા-ભક્તિથી મનન કરવામાં આવે તો પદે-પદે પરમ રહસ્ય છુપાયેલું પ્રત્યક્ષપણે જણાઈ આવે છે.

અધ્યાય-૨ના ૨૭મા શ્લોકમાં પરમાત્મા ભયંકર વાસ્તવિકતાને સહજ રીતે કહી પોતાની વાત આરંભે છે **'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ'** - 'જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે.' આ સત્ય આપણે સૌ જાણતા હોવા છતાં આ જગતમાં આપણે એવી રીતે જીવીએ છે કે જાણે આપણે તો અમરપટો લઈને આવ્યા છીએ. આપણે તો મૃત્યુ આવવાનું જ નથી. માટે જ આહાર, નિદ્રા, ભય, મૈથુનની ક્રિયામાં જ સમય વ્યતીત કરીએ છીએ, મનસ્વી અને વિલાસી જીવન જીવીએ છીએ. કોઈ વિરલ મહાપુરુષ જ આ સત્યને જાણી તેના ઉપર વિચાર કરવા પ્રેરાય છે.

સદ્ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ 'હું માનવ માત્રની સેવા કરી શકું' એ હેતુથી ડૉક્ટર બન્યા. તેઓ મલેશિયામાં પ્રેક્ટિસ કરતા હતા. ગરીબમાં ગરીબ વ્યક્તિને મદદરૂપ થવું એ એમનું ધ્યેય હતું. એ અરસામાં ત્યાં સ્પેનિશ ફ્લૂ અને મેલેરિયાનો વાવર શરૂ થયો. જોરશોરથી મૃત્યુઘંટ વાગવા માંડ્યો. મરતા જીવોને બચાવવાનું ભગીરથ કાર્ય ડૉક્ટર ઉપર આવી પડ્યું પણ તેઓ બધાંને તો કેવી રીતે બચાવી શકે ? અસંખ્ય માણસો મોતને ઘાટ ઊતરી ગયા. નજર સમક્ષ જ માણસોને મરતા જોઈને તેમને થયું, 'આ મૃત્યુ શું છે?' તેમણે મૃત્યુના દરવાજા ખખડાવ્યા પણ કોઈ ઉત્તર મળ્યો નહીં ત્યારે એમના મનમાં ખૂબ પ્રશ્નો ઊઠ્યા - 'વ્યક્તિ જન્મ લે છે તો ક્યાંથી આવે છે ? મૃત્યુ પામીને લોકો ક્યાં જાય છે ? આ જન્મ અને મૃત્યુ વચ્ચેનો જે ગાળો છે એમાં શું કરવાનું છે ? શું ખાવું-પીવું-ઊંઘવું-વાતો કરવી-કમાવું એ જ જીવનનો હેતુ છે કે કોઈ વિશેષ હેતુ છે ? અને જો વિશેષ હેતુ હોય તો તે શું છે ?' તેમણે ઘણાં લોકોને આ પ્રશ્ન પૂછ્યો પણ કોઈ એમને સંતોષકારક જવાબ આપી શક્યું નહીં ત્યારે આ ઉત્તરની શોધમાં જ્ઞાની પુરુષોએ બતાવેલા માર્ગે આગળ વધીને અમરતાના સામ્રાજ્યમાં પહોંચવા માટે તેમણે સાંસારિક જગત, માન-મરતબા, મોભાનો ત્યાગ કર્યો અને પરિવ્રાજક સાધુ બની ગયા. ભારત આવ્યા. તેમની સમક્ષ પૃથ્વી પરના જીવનનું રચનાત્મક સ્વરૂપ ખુલ્લું થયું અને માનવજીવનના સાચા હેતુનું પ્રત્યક્ષ દર્શન થયું. સંન્યાસ ધારણ કર્યો. ઋષીકેશમાં બાર વર્ષની કઠિન તપશ્ચર્યા કર્યા બાદ આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો અને જગત સમક્ષ જીવનનું રહસ્ય ઉદ્ઘાટિત કરતાં કહ્યું, 'જીવનનું એકમાત્ર લક્ષ્ય આત્મસાક્ષાત્કાર છે, જે તમારો

જન્મસિદ્ધ અધિકાર છે. એને આજે જ આ ક્ષણે જ પ્રાપ્ત કરો.' આ વાતનું વારંવાર દૃઢીકરણ કરતાં કહ્યું કે, 'તો જ મૃત્યુ મંગળમય થશે અને અમૃતત્ત્વની પ્રાપ્તિ થશે એટલું જ નહીં, લક્ષ્યપ્રાપ્તિ માટેનો સહજ સરળ માર્ગ પણ તેમણે પ્રશસ્ત કર્યો -

સેવા કરો
સર્વને પ્રેમથી ચાહો
દાન કરો
પવિત્ર બનો
ધ્યાન ધરો અને
ઈશ્વરનાં દર્શન કરો.

'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ' મૃત્યુ નિશ્ચિત છે તો મૃત્યુને મંગળમય બનાવવા આત્મસાક્ષાત્કારી ગુરુદેવે જે જ્ઞાન આપ્યું છે, એ ઉપદેશને આપણે હૃદયમાં ધારણ કરીએ અને એક સાચા અને પ્રામાણિક ભક્ત તરીકે એ પ્રમાણે જીવન જીવવાની આપણી ફરજ બની રહે છે. ગુરુદેવની દિવ્ય ચેતના આપણું રક્ષણ કરે ! ગીતાનો જય હો ! ગીતાના ભગવાનનો જયજયકાર હો ! ગીતા આપણાં જીવનનું કેન્દ્ર, આદર્શ અને ધ્યેય બને એ જ પ્રાર્થના !

આત્મનિર્ભરતા પાન નં ૧૮ ઉપરથી ચાલુ

પરિસ્થિતિનો તેમને સામનો કરવો પડ્યો હતો કે એવી પરિસ્થિતિમાં સામાન્ય મનુષ્ય તો ક્યારનોય પાછો દેશ ભેગો થઈ ગયો હોય ! પાસે પૈસા ન હતા. અમેરિકાની ઠંડીનો સામનો કરી શકે એવાં પૂરતાં વસ્ત્રો પણ નહોતાં, એવી કોઈનીય ઓળખાણ પણ નહોતી અને બે મહિના જેટલો લાંબો સમયગાળો ધર્મ પરિષદ માટે તેમણે વીતાવવાનો હતો છતાં તેઓ હિંમત હાર્યા નહીં. બોસ્ટન જઈને રહ્યા. ધર્મ પરિષદના આગલે દિવસે પણ મુશ્કેલી ક્યાં ઓછી હતી ? પ્રવેશ માટેની ભલામણનો પત્ર અને સરનામું જે વેપારીની સાથે બોસ્ટનથી ટ્રેનમાં શિકાગો આવતા હતા, તેની પાસે રહી ગયાં, કેમ કે વેપારી સ્વામીજીને ધર્મ પરિષદના સ્થળ સુધી મૂકવા જવાનો હતો, પરંતુ જ્યારે શિકાગો સ્ટેશન આવ્યું ત્યારે તે વેપારી શિકાગોની ભીડમાં અદશ્ય થઈ જતો રહ્યો. તેથી સ્વામીજીને આખી રાત રેલવે સ્ટેશનમાં એક ખાલી વેગનમાં બેસીને વીતાવવી પડી ! ઠંડી, ભૂખ અને થાકથી શરીર અશક્ત થઈ ગયું હતું. વદન મ્લાન થઈ ગયું હતું. છતાં તેમણે શ્રદ્ધા ગુમાવી નહીં. મુશ્કેલીઓ તેમના આત્મબળને તોડી શકી નહીં અને બીજા દિવસે આપેલા માત્ર પાંચ જ મિનિટના એમના પ્રવચને તેમને સમગ્ર વિશ્વધર્મ પરિષદના વીરનાયક બનાવી દીધા ! અને પછી તો તેમને કેવી અભૂતપૂર્વ સફળતા સાંપડી કે તેઓ વિશ્વવંદ્ય વિભૂતિ બની ગયા ! સ્વામીજીનું જીવન જ અડગ આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા અને આત્મશક્તિના મૂર્તિમંત સ્વરૂપ સમું, આજના યુવાનો માટેના શ્રેષ્ઠતમ આદર્શરૂપ છે.

☐ **'સફળતાનું રહસ્ય-સર્વાંગી વિકાસ'માંથી સાભાર**

જપથી વિચાર શુદ્ધિ અને વ્યવહાર શુદ્ધિ થાય છે. મનની મલિનતાનો હ્રાસ થાય છે. જપનું સાતત્ય પ્રભુનું સામિપ્ય આપે છે. જેટલો વધુ જપ તમારી અંદરથી થશે. તેટલી જ પરમાત્મ શક્તિ તમારી અંદરથી પ્રગટ થતી જશે.

- સ્વામી અધ્યાત્માનંદ

વિશ્વમંચ ઉપર અભિનય-૩

- શ્રી સ્વામી ચિદાનંદજી

વિશ્વના બીજા લોકોના પ્રમાણમાં સંન્યાસી વિશ્વકલ્યાણમાં વધુ યોગદાન આપી શકે છે. માયાવાદના પ્રતિપાદક શ્રી શંકરાચાર્યજીએ જાતે પણ પોતાના ખૂબ જ અલ્પ, પરંતુ સ્વર્ણિમ જીવનમાં કાયમી સેવાનું કાર્ય કર્યું. તેથી કરીને સ્વામીજીનું પણ એ જ આહ્‌વાન છે; - હે સંન્યાસીઓ ! જાગો ! સમજ્યા વગર જૂનાને વળગી ન રહો. સંગઠિત થાઓ. આધુનિક વિશ્વમાં ન્યાયોચિત રીતે પોતાના કર્તવ્યની પૂર્તિ કરો. સમયને અનુકૂળ બનો. મિથ્યા ભ્રમમાં આવી જઈને શરીરને અસ્થિ-પીંજર ન બનાવો.

આજના સભ્ય કહેવાતા તથા કથિત સમાજની કુટેવોનું સ્વામીજી સ્પષ્ટ અને સમગ્રરૂપે ખંડન કરે છે. તેઓ કોઈ પણ વાતને અસ્પષ્ટ રીતે કહેતા નથી. સમાજમાં પ્રચલિત આભડછેટ, બાળ-વિવાહ, અનૈતિક ભ્રષ્ટાચાર, નિરક્ષરતાની ચરમ સીમા, દહેજપ્રથા, વિવાહ અને અન્ય અવસર પર ધનનો અપવ્યય વગેરે અનેક કુટેવો આ બધાંને સામાજિક કલંક કહીને સ્વામીજીએ કડક નિંદા કરી છે. તેમણે આ બધી બદીઓનો સમાજમાંથી બહિષ્કાર કરવા માટે બને તેટલા બધા જ પ્રકારની રીતોથી ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રયત્નો કર્યા છે.

તેઓ અનેક વાર કહે છે; જો તમારી દીકરી સેવા અને ત્યાગ જેવા વિશેષ સંસ્કારો લઈને જન્મી હોય તો તેને સારું શિક્ષણ અને ઉચ્ચ પ્રશિક્ષણ આપવાનું જ પૂરતું છે. જીવનના પથનો તેને તેની જાતે જ નિર્ણય કરવા દો. તેને તેના દામ્પત્ય જીવન વિશે વિવશ ન કરો. આવા જટિલ સમયે તમારે સાહસ અને બુદ્ધિમત્તાથી નિર્ણય લેવો પડશે. સામાજિક કુરિવાજોના શિકાર ન બનો.

એકબીજા અવસરે તેમણે ઉત્સાહપૂર્વક આમ કહ્યું - ઉપહાસ કરે તેવી નકામી વાતોમાં સમય બગાડવાથી મહાન ઉદ્દેશની પ્રાપ્તિ થઈ શક્તી નથી. ખાવા-પીવા સંબંધી નાની-નાની વાતોમાં લડી-ઝઘડી મરવાથી શું તમો ધર્મની રક્ષા કરી શકો છો? થોડું ધ્યાનથી વિચારો આ બધું કેટલું બધું હાસ્યાસ્પદ છે? જો કોઈ એક ધર્મશાળામાં દશ બ્રાહ્મણોનો ઉતારો હોય તો તેઓ બધા જ અલગ અલગ રસોડામાં રસોઈ બનાવશે. એક ઉપજાતિનો માણસ બીજી ઉપજાતિની સાથે બેસીને ભોજન કરશે નહીં. આવી નિરર્થક વાતોનાં બંધનોને નિર્દયતાપૂર્વક તોડી નાખો.

સમાજકલ્યાણ માટે અછૂતોનો ઉદ્ધાર કરો, નિરક્ષરતાનિવારણ, દલિત સમાજ માટે શિક્ષણવ્યવસ્થા અને પ્રશિક્ષણ તથા નિષ્કામ સેવા માટે રાષ્ટ્રીય સંસ્થાન સ્થાપિત કરવા જેવી સેવાઓ કરવી તે તેમની હાર્દિક અભિલાષા છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે જ્યારે તેમના જીવનનું પરમ લક્ષ્ય આધ્યાત્મિક જાગરણ છે તો આ બધા વિષયોનો તેની સાથે વળી શો સંબંધ? તેમના પ્રમુખ કાર્યમાં આ બધી વાતો કેવી રીતે સુસંગત થાય? તેના ઉત્તર માટે મારે બહુ દૂર ન જવું પડ્યું. વાસ્તવિક આધ્યાત્મિક વૃદ્ધિ તથા પ્રગતિ માટે થોડી નક્કી કરેલી સ્થિતિઓ તથા નૈતિક મૂલ્ય તે પ્રાથમિક આવશ્યક્તા છે. વ્યક્તિગત અને સામાજિક સુરક્ષા, પ્રામાણિક્તાથી જીવન જીવવા અને આર્થિક સ્વતંત્રતા માટે વિપુલ માત્રામાં વ્યવસાયિક જ્ઞાન ખૂબ જ આવશ્યક છે. દેશમાં શાંતિ અને સ્થિરતાનું વાતાવરણ, ઉચ્ચ કોટીનું રાષ્ટ્રિય સ્વાસ્થ્ય વગેરે તત્વો દેશમાં આધ્યાત્મિકતાની રુચિ ઉત્પન્ન કરવા માટે ખૂબ જ જરૂરી છે.

જ્યારે દેશમાં અરાજકતાની સ્થિતિ હોય અને લોકો ભોજન, વસ્ત્ર, આવાસ તથા અન્ય જીવન

જરૂરિયાતની વસ્તુઓ માટે ચિંતિત હોય ત્યારે ઉચ્ચ આદર્શો અને નિત્ય સત્યની પ્રાપ્તિની વાત લોકોને ભલા કેવી રીતે ગમશે? આધ્યાત્મિક પ્રગતિનો અર્થ છે - પ્રેમ, એકતા, સહનશીલતા અને સમદૃષ્ટિની પ્રાપ્તિ. જ્યાં સુધી સ્વાર્થપૂર્ણ જાત-પાતનો ભેદભાવ અને સાંપ્રદાયિકતાનાં તુચ્છ બંધનો નહીં તૂટે અને આ દિશામાં આવશ્યક વિચારક્ષેત્ર તૈયાર નહીં થાય ત્યાં સુધી આધ્યાત્મિક પ્રચાર એક ઢોંગ માત્ર જ રહેશે. પરિણામ એક ધાર્મિક ઉપદેશકે આધ્યાત્મિક પ્રચાર કે સમાજસુધારણા પ્રત્યે પણ યોગદાન આપવું જ પડશે.

સ્વામીજીમાં આ બંને રૂપોનો સમન્વય છે. તેઓ બંને વિષયોનો પ્રચાર-પ્રસાર એવી રીતે કરે છે કે અંતે બળ તો આધ્યાત્મિકતા તરફ જ વધુ જાય છે.

આ બંને તથ્ય સિવાય સ્વામીજીનું એક મહત્ત્વપૂર્ણ રૂપ છે અને તે - સનાતન ધર્મના પુનરુત્થાન (Revival)ની પરંપરાને વિવેકપૂર્વક અનિવાર્યરૂપે બનાવવી પડશે.

ભારતને ભાવિ વિશ્વની આધ્યાત્મિક જનની થવા માટે હિન્દુ ધર્મને પ્રભાવશાળી અને જીવંત શક્તિવાળો બનાવવો પડશે. બંગાળના એક સુદૂર ગામની એક નાની ઝુંપડીમાં આજથી સો વર્ષ પહેલાં હિન્દુ ધર્મના પુનરુત્થાનની એક પ્રબળ ભાવના ભડકી ઊઠી. આ પ્રજ્વલિત ભડકતી જવાળાએ બે હજાર વર્ષની આધ્યાત્મિકતા અને સંસ્કૃતિમાં એવી વિદ્યુતશક્તિનો સંચાર કર્યો કે તેનાથી યુવાનવર્ગને નવીન દિશા મળી અને તેનાથી શતાબ્દીઓ જૂની જડતા તથા નિદ્રાને દૂર કરીને આધ્યાત્મિક સંપત્તિ પ્રતિ તેમને ઢંઢોળી ઉદાસીનતામાંથી જાગ્રત કર્યા પરંતુ જ્યાં સુધી જનતા સંપૂર્ણપણે જાગ્રત થાય અને જડતાથી પોતાની જાતને સારી રીતે મુક્ત કરે, ત્યાં સુધીમાં તો તે દેદીપ્યમાન જ્યોતિ પણ વિલીન થઈ ગઈ.

તે સાહસિક યોગીનું જીવન જેટલું વધુ ઉજ્જવળ હતું, તેટલું જ અલ્પ હતું. ભરતી અને ઓટના પ્રવાહની દિશા તો બદલાઈ ગઈ હતી, પરંતુ તે ધારા-પ્રવાહને સતત ચાલુ રાખવાનું ખૂબ જ આવશ્યક હતું.

માટે જનતાની મોહ-નિદ્રાને દૂર કરી આધ્યાત્મિકતાને ક્રિયાશીલ તથા ગતિશીલ બનાવવાના અત્યંત મહાન કાર્ય માટે વિધાતાને જાણે કે સ્વામીજીથી વધુ બીજી કોઈ યોગ્ય વ્યક્તિ મળી નહીં હોય.

મને પણ એવું જ લાગે છે કે આવા ઉચ્ચ આદર્શોની પૂર્તિ માટે સ્વામીજી સર્વાધિક છે, કારણ કે સતત કાર્યશીલ રહેવું, વિશ્રાન્તિને તો પોતાની આસપાસ ફરકવા પણ ન દેવી તે તેમનો એક દૈવી ગુણ છે. દેશને તેમના રૂપમાં ધાર્મિક ચેતનાનો શાંત, સતત વહેતો અને સાથે સાથે વેગવાન પ્રવાહ મળ્યો છે.

☐ 'પ્રકાશપુંજ'માંથી સાભાર

કોઇનાથી પણ ભય પામશો નહિ

કોઈનાથી ગભરાશો નહિ. તમારું લક્ષ્ય નક્કી કરો.
લક્ષ્યને પહોંચવા માટે મંડી પડો, મંડી પડો, મંડી પડો.
લક્ષ્ય તરફ સીધા આગળ વધો.
રસ્તામાં થોભશો નહિ, સિદ્ધિઓથી લલચાશો નહિ.
પાછા વળીને જોશો નહિ, હે આધ્યાત્મિક વીર ! આગળ વધ.

- સ્વામી ચિદાનંદ

વૃત્તાંત

● તા. ૧-૧૧-૨૦૧૯, શુક્રવાર, હૃષીકેશ

પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ૭૫મા પ્રાગટ્ય વર્ષ નિમિત્તે આયોજાયેલા કાર્યક્રમોના ભાગરૂપે હૃષીકેશ - પરમાર્થનિકેતનના મા ભાગીરથી ગંગાના પવિત્ર તટે શિવાનંદ આશ્રમના ભક્તો દ્વારા એક ભવ્ય અને ચિરસ્મરણીય 'શ્રીમદ્ ભાગવત કથા'નું આયોજન તા. ૩૧-૧૦-૨૦૧૯, ગુરુવારથી તા. ૬-૧૧-૨૦૧૯, બુધવાર સુધી કરવામાં આવ્યું. વ્યાસપીઠ ઉપર બિરાજીને પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે 'ભાગવત' કથામૃતનું હિન્દી ભાષામાં રસપાન કરાવ્યું. શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ, ગોવર્ધનપૂજા - અન્નકૂટ તથા રુક્મિણી વિવાહ પ્રસંગ ખૂબ જ ધામધૂમથી ઉત્સાહ અને ભક્તિપૂર્વક ઊજવાયાં.

રુક્મિણી વિવાહની પહેરામણીનાં તમામ વસ્ત્ર - ઘરેણાં અને ચાંલ્લામાં આવેલી તમામ રકમ રૂ. ૪૩,૭૪૬ શિવાનંદ આશ્રમ, હૃષીકેશના પૂર્વ સફાઈ સેવક શ્રી ગંગારામજીની દીકરીના લગ્ન પ્રસંગે - બધું પ્રેમપૂર્વક ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજ વતી આપવામાં આવ્યું.

પહેલી તારીખે રાત્રે આદરણીય શ્રી અજય યાજ્ઞિકજી દ્વારા 'માતા કી ચોકી' અને 'ગરબા'નો કાર્યક્રમ આયોજાયો. ત્રીજી તારીખથી પાંચમી તારીખ સુધી દરરોજ રાત્રે અમદાવાદના સુપ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતના પંડિત નીરજ મહારાજ અને શ્રીમતી અમીદેવી દ્વારા હવેલી સંગીત પ્રસ્તુત થયું.

૬ નવેમ્બરે ખૂબ જ ધામધૂમથી કથા સમાપન થયું. આ પ્રસંગ નિમિત્તે પરમાર્થનિકેતનના મહામંડળેશ્વર પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અસંગાનંદજી મહારાજે દીપ પ્રજ્વલન કર્યું. સમાપનમાં પણ તેઓએ તેમની પવિત્ર ઉપસ્થિતિથી સૌને પાવન કર્યાં. આશ્રમના વરિષ્ઠ પ્રન્યાસી વિશ્વવિદિત પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી ચિદાનંદ સરસ્વતીજી (મુનિજી) તથા પૂજ્યા સાધ્વીજી પણ ઉપસ્થિત રહ્યાં. નીલકંઠ મહાદેવની તળેટી અને મણિકૂટ પર્વતોની કંદરામાં બિરાજતા બાલયોગી શ્રી પ્રેમવર્ણીજી તથા છેક ગંગોત્રી, ઉત્તર કાશી, જગન્નાથપુરી અને ભારતનાં અનેક તીર્થમાંથી મોટી સંખ્યામાં સંતો ઉપસ્થિત રહ્યા. ભારતના લોકલાડીલા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અનુજ શ્રી પ્રહ્લાદભાઈ મોદીએ સમગ્ર કથા દરમિયાન શ્રોતા સ્વરૂપે ઉપસ્થિત થઈ તથા એક સાંજે શ્રીમતી જશોદાબહેન નરેન્દ્રભાઈ મોદીએ પણ ઉપસ્થિત રહી સૌને કૃતકૃત્ય કર્યાં - સમાપનમાં સાધુભોજન-ભંડારામાં બસો ઉપરાંત સંતોએ પ્રસાદ ગ્રહણ કર્યો, સૌને ભિક્ષા ઉપરાંત દક્ષિણા-ફળ ઈત્યાદિથી પરિતૃપ્ત કરવામાં આવ્યા.

ગુજરાત ઉપરાંત દિલ્હી, મદ્રાસ, લખનૌ, ઓરિસા, મુંબઈ અને ભારતના ઈતર પ્રાંતમાંથી ૬૫૦થી વધુ ભક્તોએ આ કથામૃતનો લાભ લીધો.

તાઈવાનથી ૩૬ ભક્તો પધાર્યા, તેમના માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. અમેરિકાથી રેડિંગ્સના કુલ કમલ યોગ ફાઉન્ડેશનમાંથી ત્રણ અમેરિકન બહેનો અને એક આફ્રો અમેરિકન ભક્તિમતી મહિલાએ સમગ્ર કથા દરમિયાન ગંગાની પવિત્રતા અને જ્ઞાનગંગાનાં સ્પંદન માણ્યાં.

કુલ કમલ યોગ ફાઉન્ડેશન, રેડિંગ્સના ડાયરેક્ટર ડૉ. શેરોન એલીટ (સુધા માતાજી)એ સંન્યસ્ત દીક્ષા ગ્રહણ કરી તેમને સ્વામિની શ્રદ્ધાનંદ સરસ્વતી યોગપટ આપી ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદ પરિવારમાં સપ્રેમ સંમિલિત કરવામાં આવ્યાં.

સમગ્ર કાર્યક્રમના ભવ્ય, દિવ્ય, અવિસ્મરણીય

આયોજન માટે દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘના પ્રન્યાસી અને મંત્રી શ્રી વિજય આદેશરા, ગુજરાત દિવ્ય જીવન સંઘનાં પ્રન્યાસીની સુશ્રી પૂનમ થવાણીજી, આશ્રમ વ્યવસ્થાના કાર્યકરો શ્રીમતી રૂપા મજમુદાર, શ્રી કમલેશ ખન્ના, શ્રી સર્વજ્ઞ નાન્દી, શ્રી વિજય જાજલ અને બીજા અનેક ભક્તો ઉપરાંત શિવાનંદ આશ્રમના યોગશિક્ષકો કુ. સંગીતા થવાણી, કુ. સોનલ ત્રિવેદી, શ્રી વિક્રમ મિસ્ત્રી, શ્રી ચંદ્રકાન્તભાઈ દક્ષિણી, કુ. શીલા દરબાર, શ્રી મુકેશ ચૌહાણ અને શ્રીમતી કિંજલ તથા શ્રી કિન્નરે તન-મનથી સેવાઓ આપી સ્વકીય જીવનને ધન્ય કર્યાં.

કથા સમાપન પશ્ચાત્ સૌએ આત્મીય આનંદની અનુભૂતિ કરી.

● તા. ૬-૧૧-૨૦૧૯, બુધવાર, B.H.E.L., હરિદ્વાર

B.H.E.L. હરિદ્વાર ખાતે આજરોજ સાંજે પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના પ્રવચનનું આયોજન હરિદ્વાર મેનેજમેન્ટ એસોસિયેશન દ્વારા B.H.E.L.ના ભવ્ય કમ્પ્યૂટર ભવનમાં થયું. પૂજ્ય સ્વામીજીએ "Key to Stress Management is SELF Management" વિષય પર ખૂબ જ મનનીય ઉદ્‌બોધન કર્યું. પ્રસંગોપાત B.H.E.L.ના વરિષ્ઠ અધ્યક્ષ (Executive Director) શ્રી ગુલાટીસાહેબ તથા અન્ય સર્વે અધીક્ષક ઉપસ્થિત રહ્યા. તેમના ઉદ્‌બોધનમાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું "તમામ માનસિક તણાવનું મુખ્ય કારણ આત્મસંયમનો અભાવ જ છે. વ્યક્તિગત ચૈતન્યની રેખા સીધી હોય તો સમષ્ટિગત ચૈતન્યએ આટાપાટા રમવા નથી પડતા. આપણાં સુખ કે દુઃખનાં કારણ બહાર નથી. દુર્ભાગ્યે આપણે બાહ્ય ઝાકઝમાળ અને માન-મરતબાના વિશ્વથી અંજાઈ જઈને આતમનાં અજવાળાંની વિસ્મૃતિ કરી છે. તેથી જ તણાવ અને તેનાથી ઉપજતી આધિ-વ્યાધિ તથા ઉપાધિથી સૌ દુઃખ ભોગવે છે. થોડો પણ આંતરમનમાં ડૂબકી મારવાનો નિત્ય અભ્યાસ હોય તો તેનાથી નિર્મિત થયેલ દઢતા અને અંતઃકરણશુદ્ધિનાં મંડાણને કોઈ ઝકઝોરી શકતું નથી. નિયમિત ધ્યાન - પ્રાર્થના અને આત્મવિશ્લેષણનો અભ્યાસ કરો. જીવનની ઝંકૃતતાની પ્રાપ્તિ કરશો."

● તદુપરાંત તા. ૬-૧૧ થી ૮-૧૧ સુધી દરરોજ સાંજે પરમાનંદ ભંડાર (કનખલ) ખાતે વેદાંત સંમેલન અને ભેલ પરિસરના શિવાલિકનગરમાં સનાતન મંદિરના મધ્ય ખંડમાં પૂજ્ય સ્વામીજીના સત્સંગ આયોજાયા. ભક્તોની પ્રાર્થનાથી અનેક ભક્તોના ત્યાં પધરામણી પણ થઈ. સમગ્ર આયોજન માટે દિવ્ય જીવન સંઘ, ભેલ શાખા તથા હરિદ્વાર મેનેજમેન્ટ એસોસિયેશનનો આભાર.

● તા. ૯-૧૧-૨૦૧૯, શનિવાર, અંબાલા

દિવ્ય જીવન સંઘ, અંબાલા ખાતે આજે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો સત્સંગ સમારોહ ડૉ. ઓમપ્રકાશજીના નિવાસ સ્થાને આયોજાયો.

● તા. ૯-૧૧-૨૦૧૯, શનિવાર, લુધિયાણા

છેલ્લાં ૪૪ વર્ષથી શ્રીમતી દર્શન જૈન અને શ્રી રાજકુમાર જૈન પૂજ્ય સ્વામીજીના સત્સંગનું આયોજન સુપ્રસિદ્ધ 'રખબાગ' ખાતે કરે છે. આ વર્ષે પણ આ સત્સંગ તા. ૯-૧૧એ સાંજે ૧૦-૧૧થી ૧૨-૧૧ સુધી સવારે કરી પૂજ્ય સ્વામીજીએ સૌને આશીર્દાન કરીને ધન્ય કર્યાં.

● તા. ૧૨-૧૧-૨૦૧૯, મંગળવાર, ચંડીગઢ

આજરોજ સાંજે દિવ્ય જીવન સંઘ - ચંડીગઢ શાખાના વરિષ્ઠ સભ્યો માટે એક ખૂબ જ સુંદર સત્સંગ અને પ્રીતિ ભોજનનું આયોજન શ્રીમતી સુદેશ અને શ્રી મુલખરાજ મહેંદીરત્તાજીને ત્યાં થયું. તા. ૧૩-૧૧ -બુધવારની સવારે પૂજ્ય સ્વામીજી અમદાવાદ જવા Air India દ્વારા રવાના થયા.

● તા. ૧૩-૧૧-૨૦૧૯, બુધવાર, ગાંધીનગર

શ્રદ્ધેય શ્રી નરેન્દ્રભાઈ મોદી (વડા પ્રધાનશ્રી)ના અનુજ શ્રી પ્રહલાદભાઈ મોદીએ હૃષીકેશ ખાતે સમગ્ર ભાગવત કથામાં શ્રોતા તરીકે હાજરી આપી હતી. તેમની મંગળ ઈચ્છાને અનુવર્તીને શિવાનંદ આશ્રમના

ભક્તો અને પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીનાં કલ્યાણી માતુશ્રી પૂજ્યા હીરાબાનાં દર્શને પધાર્યા. ખૂબ જ ભાવ અને પ્રેમથી પૂજ્યા હીરાબાએ જૂનાં સંસ્મરણો વાગોળ્યાં. ત્યારબાદ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ પાસે તેમની જપમાળા માગી અને બંને પક્ષે પરસ્પર દેવો ભવની અનુભૂતિ કરી.

• પૂજ્યા હીરાબાનાં દર્શન અને સત્સંગ પછી સૌ સાબરમતી તટે આવેલા પુરાણા શ્રી ધોળેશ્વર મહાદેવ અને ત્યાંના આદરણીય મહંત શ્રી સ્વામી રામસ્વરૂપાનંદજીના દર્શને ગયા. સત્સંગ, સંત સમાગમ અને દેવદર્શનનો સૌએ લાભ લીધો.

● તા. ૧૭-૧૧-૨૦૧૯, રવિવાર, ભાવનગર

આજરોજ શિશુવિહાર-ભાવનગર શ્રી ન્યાલદાસ વકીલની સ્મૃતિમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ્ હસ્તે સ્વસ્થ વૃદ્ધત્વ સન્માન સમારોહ આયોજાયો. ઉપસ્થિત ૩૫૦થી વધુ વૃદ્ધોમાં સૌથી વિશેષ ભાવનગરના વતની અને ૮૫ વર્ષે પણ સમાજોપયોગી ભાવનાઓથી તત્પર જસ્ટિસ રવાણી, શહેરના યોગ- કલા અને સાંસ્કૃતિક કાર્યો માટે ૮૧ વર્ષે પ્રવૃત્ત શ્રી સંતોષભાઈ કામદારનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું.

વડીલોને પાછલી ઉંમરે પણ સ્નેહ અને સન્માન મળી રહે અને તેઓ આત્મસન્માન સાથે શેષ જીવન વિતાવી શકે તેવા ઉદ્દેશથી લોકસેવક નાનાભાઈ દ્વારા સ્થાપિત ભાવનગર વૃદ્ધાશ્રમના વડીલોની ઉપસ્થિતિમાં સુધારાવાદી વિચારક અને ઉદ્યોગપતિ ફકરુદ્દીનભાઈ તહેરઅલી, ફાઈનાન્સ મેનેજમેન્ટ ક્ષેત્રે ભાવનગરનું નામ રોશન કરનાર, ૯૦ વર્ષે પણ સ્વસ્થ જીવન વ્યતીત કરતા શ્રી રમણીકભાઈ મહેતાનું પૂજ્ય સ્વામીજી દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. બદલાતા યુગ વચ્ચે પણ નવી અને જૂની પેઢી વચ્ચે સમાયોજન જળવાઈ રહે તે માટેના શિશુવિહાર સંસ્થાના પ્રયત્નોમાં સેવાભાવી કાર્યકર તરીકે ૭૭ વર્ષે પણ કાર્યરત અને ઈફકો કંપનીના પૂર્વ વિભાગીય અધિકારી શ્રી દિલીપભાઈ પાઠકનું શાલ, સ્મૃતિચિહ્ન, પુસ્તક સંપુટથી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે શહેરના વિશિષ્ટ ક્ષમતા સંપન્ન અગ્રણીઓ પણ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

શિશુવિહારના કાર્યક્રમ પછી દિવ્ય જીવન સંઘ, ભાવનગરનાં સૌ આત્મીયજનો સાથે બપોરે ૩.૦૦ થી ૪.૩૦ સુધી સત્સંગ ડૉ. અશોક બક્ષીસાહેબના ત્યાં 'શિવોદય' ખાતે થયો. પૂજ્યશ્રીની પધરામણી શહેરના સુપ્રસિદ્ધ વકીલ શ્રી ઉત્પલભાઈ અને શ્રી વિદ્યા ઉપાસક શ્રી રાજુભાઈના ત્યાં પણ થઈ. સાંજની ટ્રેન દ્વારા મોડી રાતે પૂજ્ય સ્વામીજી અમદાવાદ પરત આવ્યા.

● તા. ૧૮-૧૧-૨૦૧૯, સોમવાર, અમદાવાદ

પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીનાં ૧૫૦મા જન્મજયંતી વર્ષ સમારોહના એક ભાગરૂપે ગાંધીઆશ્રમ, સાબરમતી ખાતે સફાઈ વિદ્યાલય, પ્રાન્યોગ ટ્રસ્ટ, આરોગ્ય ભારતી, આંબેડકર યુનિવર્સિટી તથા મહાપ્રજ્ઞ નેચરોપથી, પ્રાકૃતિક ચિકિત્સાઓના સંકલિત સમન્વયે પ્રાકૃતિક ચિકિત્સા દિવસ નિમિત્તે સમારોહનું આયોજન થયું. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે બિરાજ્યા, પૂજ્ય સ્વામીજીએ પ્રાકૃતિક જીવનની હિમાયત કરી માનસિક વિકૃતિથી મુક્ત થવા હાકલ કરી હતી.

• શિવાનંદ આશ્રમના પવિત્ર 'શ્રી ચિદાનંદમ્' ભવન ખાતે ડીસા લોહાણા સમાજ દ્વારા 'શ્રીમદ્ ભાગવત કથા'નું ભવ્ય આયોજન થયું. વ્યાસપીઠે શ્રદ્ધેયા દીપાલી દીદી (રાજકોટ) બિરાજ્યાં. પૂજ્ય સ્વામીજીએ કથાના મંગળ દીપનું પ્રજ્વલન કરી ભાગવત ધર્મ અને વૈષ્ણવ પ્રકૃતિ વિષે મનનીય પ્રવચન કરતાં કહ્યું, "પોતાની જાતને પ્રામાણિક થઈને રહેવું તે જ ભાગવત ધર્મ છે. ઈશ્વર સર્વત્ર છે, તેની વાડાબંધી કરવી નહીં, તમો મુક્તજીવ છો, તેની પ્રતિપળ અનુભૂતિ કરો અને માનવતાને સૌથી વધુ મહત્ત્વ આપી વૈષ્ણવત્વ સાર્થક કરો."

● તા. ૨૧-૧૧-૨૦૧૯, ગુરુવાર, અમદાવાદ

અમદાવાદની સુપ્રસિદ્ધ ફાર્માસ્યુટિકલ કંપની 'કેડિલા' દ્વારા દર વર્ષે 'ગીતાજ્ઞાનયજ્ઞ' આયોજાય છે. દર વર્ષે વ્યાસપીઠે આદરણીય સુવેદિત કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યાજી બિરાજે છે, દર વર્ષની માફક આ વર્ષે પણ પ્રથમ દિવસના અતિથિવિશેષપદે પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ બિરાજ્યા.

● તા. ૨૩-૧૧-૨૦૧૯, શનિવાર, અમદાવાદ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગપ્રેમીઓનું સ્નેહમિલન GSC Bank ઓડિટોરિયમ, અંકુર ચાર રસ્તા પાસે, નારણપુરામાં આયોજાયું. પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ વરિષ્ઠ યોગાચાર્યસ્વરૂપે નિમંત્રિત થયા.

● તા. ૨૪-૧૧-૨૦૧૯, રવિવાર, અમદાવાદ

શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે આયોજિત 'શ્રીમદ્ ભાગવત કથા'ની પૂર્ણાહુતિ પૂજ્ય સ્વામીજીની પવિત્ર ઉપસ્થિતિમાં આયોજાઈ.

● તા. ૨૪-૧૧-૨૦૧૯, રવિવાર, અમદાવાદ

પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના અમૃત મહોત્સવ નિમિત્તે તા. ૨૪ નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી પ્રસ્થાનત્રયી પારાયણનું આયોજન કરવામાં આવ્યું, જેનો મંગળ પ્રારંભ તા. ૨૪-૧૧ની ઢળતી બપોરે ૪-૩૦ વાગ્યે પરમાદર્શ વેદાંત પીઠાધીશ્વર શ્રીમત્ સ્વામી ભાસ્કરાનંદ સરસ્વતીજીની ગરિમામય ઉપસ્થિતિમાં થયો.

પૂજ્ય શ્રીચરણ શ્રીમત્ સ્વામી શર્વાનંદગિરિજી મહારાજ સમગ્ર જ્ઞાનયજ્ઞના પ્રમુખ પ્રધાનાચાર્ય રહ્યા. આ પ્રસંગે છેક ગંગોત્રીથી મુંબઈ, કલકત્તા, ત્રિવેન્દ્રમ-એમ ભારતના ચારેય ખૂણેથી વિદ્વાન સંતો, મહંતો અને મહામંડળેશ્વરો પધાર્યા.

દરરોજ સવારના ૫.૪૫થી બપોરના ૩.૩૦ વાગ્યા સુધી પ્રસ્થાનત્રયી (બ્રહ્મસૂત્ર, દશ ઉપનિષદ - ઈશ, કેન, કઠ, મુંડક, માંડૂક્ય, એતરેય, તૈતરેય, શ્વેતાશ્વતર, છાંદોગ્ય અને બૃહદારણ્યક ઉપનિષદો તથા શ્રીમદ્ ભગવદ્ગીતા)ના મૂળ પાઠ ઉપરાંત તેનાં શાંકરભાષ્યનું પણ પારાયણ કરવામાં આવી રહ્યું છે, જે ૬-૧૨ની સાંજે સમાપન થશે.

દરરોજ સાંજે ૪-૩૦ થી ૬-૩૦ વાગ્યા સુધી માંડૂક્યકારિકાઓ પર વિદ્વાન સંતો દ્વારા પ્રવચનો થયાં.

● તા. ૩૦-૧૧-૨૦૧૯, શનિવાર, અમદાવાદ

આજરોજ સાંજે શિવાનંદ આશ્રમમાં કલારત્ન ડૉ. કે. વાય. સત્યનારાયણજીના કલામંડળ દ્વારા કુચીપુડી નૃત્યનું અવિસ્મરણીય પ્રસ્તુતીકરણ થયું. દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ વતી YMCAના શ્રી જહોન જીવર્ગીસના વરદ્ હસ્તે કલારત્ન ડૉ. કે. વી. એસ. સત્યનારાયણજીને 'નાટ્યરત્ન ચુડામણી' એવોર્ડથી અલંકૃત કરવામાં આવ્યા.

શિવાનંદ આશ્રમ (અમદાવાદ)ના આગામી કાર્યક્રમો

- તા. ૭-૧૨-૨૦૧૯, શનિવારના રોજ ગીતાજયંતી નિમિત્તે સામૂહિક ગીતા પારાયણ
  સમય: સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી
- તા. ૧૧-૧૨-૨૦૧૯, બુધાવરના રોજ શ્રી દત્તાત્રેયજયંતી નિમિત્તે શ્રી દત્તયજ્ઞ, અર્ચના, આરતી અને પ્રસાદ
- તા. ૧૧-૧૨-૨૦૧૯, બુધવારથી તા.૩૦-૧૨-૨૦૧૯, સોમવાર સુધી ૪૪મો યોગશિક્ષક તાલીમ શિબિર



BIS Hallmarked Jewellery
સાચવણ સુંદરતાની
સુંદર અલંકારથી
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
સી. જી. રોડ
નેશનલ પ્લાઝા, લાલ બંગલોની સામે
સી. જી. રોડ, અમદાવાદ - ૬
+91 99 2490 2223
SUNDAY CLOSED
સેટેલાઇટ
વિનસ અમેડીયસ, જોધપુર ચાર રસ્તા,
BRTS બસ સ્ટોપની સામે,
સેટેલાઇટ જોધપુર, અમદાવાદ - ૧૫
+91 63 5600 2300
SUNDAY OPEN
મણીનગર
TGB બેકરીની સામે,
મણીનગર ચાર રસ્તા, અમદાવાદ - ૮
+91 63 5600 2200
SUNDAY OPEN
www.suvarnakala.com

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

સ્વાદ અને ગુણવત્તાની પરંપરા

શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity

સ્વામી અધ્યાત્માનંદજીના 'અમૃત મહોત્સવ વર્ષ'ની ઉજવણી નિમિત્તે જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

» **શુદ્ધ જીવન જીવતાં મુમુક્ષુ માટે મોક્ષદ્વારનો પ્રવેશ માંડૂક્ય ઉપનિષદ્ છે : સ્વામી અધ્યાત્માનંદજી**

નવગુજરાત સમય > અમદાવાદ

જેના જીવનમાં પવિત્રતા, શુદ્ધતા, ગુરુ-શાસ્ત્રો-ઈશ્વરમાં શ્રદ્ધા છે, એવા મુમુક્ષુ માટે મુક્તિ-મોક્ષનાં દ્વારનો પ્રવેશ એટલે જ માંડૂક્ય ઉપનિષદ્. માંડૂક્ય ઉપનિષદ્ ઓમ્કારનાં સ્વરૂપનું વર્ણન કરે છે. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તરીય - આ ચારેય અવસ્થાથી પૃથક્ જવાનો માર્ગ માંડૂક્ય ઉપનિષદ્ પ્રશસ્ત કરે છે, એમ શિવાનંદ આશ્રમના અધ્યક્ષ સ્વામી અધ્યાત્માનંદજીએ રવિવારે 'પ્રસ્થાનત્રયી પારાયણ' અને 'શાંકરભાષ્ય પારાયણ'ના ઉદ્ઘાટન સમારોહમાં શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા ખાતે જણાવ્યું હતું. આ જ્ઞાનયજ્ઞનાં ઉદ્ઘાટન સમારોહમાં મહામંડલેશ્વર સ્વામી વિરાગાનંદગિરિજી, સ્વામી શર્વાનંદગિરિજી, ડો.સ્વામી મુક્તાનંદપુરીજી, સ્વામી મેધાનંદજી મહારાજ ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્વામી અધ્યાત્માનંદજીના 'અમૃત મહોત્સવ વર્ષ'ની ઉજવણી નિમિત્તે શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા ખાતે તા.૬ ડિસેમ્બર સુધી 'પ્રસ્થાનત્રયી પારાયણ' અને 'શાંકરભાષ્ય પારાયણ'નું આયોજન કરાયું છે.

પરમાદર્શ વેદાંત પીઠાધીશ્વર શ્રીમત્ સ્વામી ભાસ્કરાનંદ સરસ્વતીજી દ્વારા પ્રસ્થાનત્રયી જ્ઞાનયજ્ઞનું દીપપ્રાગટ્ય

'એમનિલ' દ્વારા શ્રેષ્ઠ ઉત્પાદકતા દિવસ પ્રસંગે પૂજ્ય સ્વામીજીનું બહુમાન. તા. ૧૯ -૧૧-૨૦૧૦૯

बुजुर्गों की स्थिति समाज जीवन का आईना है : स्वामी अध्यात्मानंदजी

स्वामी अध्यात्मानंदजी की अध्यक्षता में 28वां वृद्धजन सम्मान समारोह आयोजित

भावनगर

भावनगर के सद्गृहस्थ न्यालचंदभाई वकील की पुण्य स्मृति में आयोजित बुजुर्ग वंदना कार्यक्रम के अंतर्गत 70 वर्ष से अधिक आयु वाले 200 बुजुर्गों को जीवन उपयोगी सामान देकर पुष्प गुच्छ, चंदन-तिलक के साथ वंदना की गई। 80-90 वर्ष की आयु होने के बावजूद आज भी समाज उपयोगी कार्य में हरसंभव योगदान देने वाले मूल भावनगर के जस्टिस अमूभाई रवाणी, भावनगर के सेवा संस्कृति की विरासत को उजागर करने वाले संतोषभाई कामदार तथा सुधारवादी विचारधारा के साथ समाज कार्य से जुडे फकरुद्दीनभाई कपासी को मोमेन्टो, खेस और पुस्तक सम्पुट से स्वामीजी ने अभिवादन किया। वृद्धावस्था के बाद भी बुजुर्ग समाज के स्नेह, प्यार और देखभाल से वंचित न रहें, इसके लिए लोकसेवक मानभाई के प्रयत्न की सराहना करते हुए स्वामी अध्यात्मनंदजी ने बुजुर्गों को आनंद में रहकर ईश्वर परायण रहने की सीख दी। मानव ज्योत सेवा संस्था मुम्बई के अध्यक्ष कुलिनकांत लूठिया, भावनगर वृद्धाश्रम के ट्रस्टी अच्युतभाई मेहता की उपस्थिति में आयोजित बुजुर्ग वंदना कार्यक्रम के अंतर्गत रमणिकभाई मेहता ने अपनी पत्नी की स्मृति में 31 लाख रुपए का अनुदान स्वामीजी को अर्पण किया तथा स्वतंत्रता सेनानी दामूभाई भट्ट परिवार ने शिशु विहार संस्था में तैयार किए गए चिदानंद कुटीर का लोकार्पण स्वामीजी ने किया। प्रा. डॉ. छायाबेन पारेख के संचालन में आयोजित स्वस्थ वृद्धत्व कार्यक्रम के प्रारंभ में स्वातिबेन पाठक ने प्रार्थना प्रस्तुत की, जबकि संस्था के मंत्री डॉ. नानकभाई भट्ट ने आभार व्यक्त किया।

શિશુવિહાર, ભાવનગર ખાતે વૃદ્ધ સન્માન સમારોહ. તા. ૧૭-૧૧-૨૦૧૯

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માતુશ્રી
પૂજ્યા હીરાબા સાથે પૂજ્ય સ્વામીજી અને અનુજ પ્રહ્‌લાદભાઈ મોદી

પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાનું અભિવાદન
ગીતા જ્ઞાનયજ્ઞ, આયોજક : કેડિલા ફાર્માસ્યુટિકલ

કલારત્ન ડૉ. કે. વી. એસ. સત્યનારાયણજી (યેલુરુ) આંધ્રપ્રદેશનું 'નાટ્યરત્ન ચૂડામણિ' ઍવોર્ડથી બહુમાન અને તેમના કલાવૃંદ દ્વારા કુચીપુડી નૃત્ય

પરમધ્યેય

તમે તમારી સાચી ઓળખ સાચી આંતરિક અસ્મિતા પિછાણો એ મહત્ત્વનું છે. એ મેળવીને જ તમે તમારી દિવ્ય ઓળખને ખોલી શકો. એ પરિમાણમાં તમે સત્-ચિદ્-આનંદ છો. તમે પ્રકાશવંતી ચેતના છો. તમે અસ્તિત્વ છો. અને તમારા અસ્તિત્વ વિષે સભાન છો. આ સ્થિતિ એ શુદ્ધ પરમાનંદ છે. એ વિશુદ્ધ શાંતિ તથા આનંદ છે. તમે મુક્ત છો, નિર્ભય છો. એ જ અનુભવવાનું છે. આ જ છે તમારા જીવનનું પરમધ્યેય.

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234